॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.7990945460

**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com P.9428222357

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

## ॥ વિભૂતિનો ચૈતન્યસ્પર્શ ॥

'એક મનુષ્યને આત્મોપલબ્ધિ થાય છે તો સમસ્ત મનુષ્યતા જાણે એક સીડી ઉપર ઊઠી જાય છે. તમને ખબર પણ ન પડે ને તમારી ભીતર ક્રાંતિ થઈ જાય છે. એક વ્યક્તિ જાગૃત થાય છે તો એની રોશની, એનો ઝળહળાટ તમારા અજાણતાં જ તમારા પ્રાણોને આંદોલિત કરી જાય છે. એની સુગંધથી તમે તરબતર થઈ જાઓ છો. તમે ઓળખો ન ઓળખો, તમે આભાર માનો ના માનો; એનાથી કોઈ ફેર પડતો નથી. જેમ વસંત આવે છે તો હજારો ફૂલો ખીલી ઊઠે છે. તમે ચાહે જુઓ ન જુઓ, પરંતુ હવામાં સુગંધ હોય છે, હવામાં તાજગી હોય છે. તમે સાંભળો ન સાંભળો પરંતુ પંખીઓનાં ગીત-કલરવ તમારા પ્રાણોમાં પ્રવેશ કરી જ જાય છે ચૂપચાપ. એમ 'એક વ્યક્તિનું જાગૃત થઈ જવું' સમસ્ત માનવજાતના જીવનમાં 'જાગરણ'ની એક લહેરને પહોંચાડી દે છે. આ ભીતરનું અર્થશાસ્ત્ર છે, જેમાં એક મેળવે છે, પ્રાપ્ત કરે છે. સર્વને મળે છે, સર્વને ઉપલબ્ધ થાય છે.'

**–રજનીશજી**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## તા. ૧૫ ઑગસ્ટ ૧૯૨૧
## (પરમ વિભૂતિ શ્રીયોગેશ્વરજીનો પ્રાગટ્યદિન)

'સરોડાધામે બાલમુકુન્દમ્
દેવપ્રયાગે ઋષિવરમ્
પ્રકાશપંથે સમર્થનાથમ્
સત્યપથે યોગેશ્વરમ્
સ્વર્ગારોહણે ગુરુભગવન્તમ્
પૃથ્વીપટે પરમેશ્વરમ્
નિત્ય સ્મરામિ ગુરુગોવિંદમ્
દર્શન તવ ભવતારણમ્'

—'મા' સર્વેશ્વરી



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. શ્રી યોગેશ્વરકથામૃત | 'મા' સર્વેશ્વરી | ૭ |
| ૨. શ્રી યોગેશ્વરજી : શ્રી રામકૃષ્ણદેવનો અવતાર | સંપાદન | ૧૨ |
| ૩. મહાત્મા યોગેશ્વરજી : ગુજરાતનું ગૌરવ | શ્રી પરમાર્થી | ૧૫ |
| ૪. પરમાનંદની પ્રસાદી | શ્રી પરમાર્થી | ૨૨ |
| ૫. સાધના માટેનું ત્રિવિધ સંયુક્ત સાધન | શ્રી યોગેશ્વરજી | ૨૮ |
| ૬. 'રામાયણદર્શન'-એક રસાસ્વાદ | શ્રી શાંતિલાલ ઠાકર | ૩૧ |
| ૭. શ્રી યોગેશ્વરજીનું વિરાટ વિશ્વદર્શન | ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૩૭ |
| ૮. દુર્ગાસપ્તશતીનો પાઠ | શ્રી યોગેશ્વરજી | ૪૯ |
| ૯. શ્રી યોગેશ્વરકૃત 'દુર્ગાસપ્તશતીસાર' | ડૉ. કાલિન્દી | ૫૨ |
| ૧૦. દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ | ડૉ. અરુણા ઠાકર | ૫૭ |
| ૧૧. શ્રી યોગેશ્વરજી પર પત્ર | શ્રી મનસુખલાલ ઝવેરી | ૬૧ |
| ૧૨. શ્રી યોગેશ્વરજીને પત્ર | શ્રી રમણલાલ સોની | ૬૨ |
| ૧૩. ત્રણ લઘુકાવ્યો | શ્રી યોગેશ્વરજી | ૬૩ |
| ૧૪. પ્રભુ સાથે પ્રેમસંબંધ | 'જ્ઞાનેશ્વરી' | ૬૪ |

## નિવેદન : સરોડાનું સદ્ભાગ્ય બન્યું સમગ્ર વિશ્વનું સદ્ભાગ્ય

તા.૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ના શુભ દિને અમદાવાદ અને ધોળકાની વચ્ચે આવેલા સરોડા ગામમાં શ્રી મણિલાલ ભટ્ટ અને જડાવબેનના ઘરઆંગણે પ્રગટેલા સૂર્યોદય (સુપુત્ર ભાઈલાલ)ની આભા સમગ્ર વિશ્વમાં 'અધ્યાત્મના અનસ્ત સૂર્ય : શ્રી યોગેશ્વરરૂપે' વિસ્તરી.

શ્રી યોગેશ્વરજીએ નિયતિપ્રાપ્ત પરિસ્થિતિને સ્વીકારી પણ એમાં જ આખું આયખું સીધી લીટીમાં પૂરું કરવાને બદલે સમજણપૂર્વક એને એક ઊર્ધ્વ પરિમાણ અર્પ્યું. જીવન તેમને માટે અચેતન વ્યાપાર નહીં, સચેતન પ્રક્રિયા બન્યું. તેઓશ્રીના જ શબ્દોમાં જોઈએ તો : 'જમીન ખેડવાનું ચાલુ ન રાખ્યું પણ ખેડૂત કદી મટ્યો નહીં. (સાદાઈ, સંયમ, સ્વાવલંબન, ઈશ્વરપરાયણતાની સંસ્કારમૂડીથી) જીવનની જમીનને શ્રદ્ધાના હળ તથા બળદથી ખેડી, ઈશ્વરના પ્રેમનું બીજ વાવી ભક્તિવર્ષાને તે પર વરસવા દઈ, જ્ઞાનનાં સૂર્યનાં કિરણોનો લાભ લીધો છે. તેથી સિદ્ધિ, શક્તિ, શાંતિ, પરમાત્માપ્રાપ્તિ કે પૂર્ણતાનો પાક ઊતરે છે. એ ખેતી કદી અટકી નથી.'

આમ જીવનને પ્રભુનું વરદાન માની શ્રી યોગેશ્વરજી બહિર્ઘટનાઓમાં વ્યસ્ત થઈ જવાને બદલે એની આંતરઘટનાને ઓળખી કાઢી, પોતાના સમગ્ર અસ્તિત્વને 'દૃઢ સંકલ્પની ધરી' પર ખડું કરી દે છે. નિરંતર વહેતા અંતઃસ્રોત સાથે અનુસંધિત થઈ, તેઓશ્રી જાણી લે છે કે; 'હું કાંઈ નથી કરતો કોઈ આંતરપ્રવાહ કામ કરે છે, એની શક્તિનો હું વાહક બનું છું.'

જગદંબાદર્શન જ નહીં, સ્વયં જગદંબાસ્વરૂપ થઈ જવાનો તેમનો નિર્ધાર; પ્રકાશના પંથે જવા કે રહેવાનો નહીં, સ્વયં પ્રકાશસ્વરૂપ થઈ જવાનો તેમનો સંકલ્પ સહજ જ તેમને ભોગાર્થી-સુખાર્થી-ધર્માર્થી ન બનાવતાં 'આત્માર્થી' બનાવે છે, તેમના આવા 'આધ્યાત્મિક જીવન'ને જોઈ લોકો તેમને 'અવતારી પુરુષ' ગણે છે. પણ તેઓશ્રી



સ્પષ્ટ કહે છે : 'સાધારણ માણસની જેમ મેં પણ મુસીબતો-વેદના વેઠી છે. સાચા માનવ બનીને, ઈશ્વરની કૃપા મેળવીને પરિપૂર્ણતાના શિખર પર પ્રતિષ્ઠિત થવાના પ્રયાસો મેં કર્યા છે.'

'મા' સર્વેશ્વરી સરસ કહે છે : 'શ્રી યોગેશ્વરજીનું જીવન એ સામાન્ય સાધકમાંથી' સિદ્ધ યોગીમાં રૂપાંતર પામવાની 'આધ્યાત્મિક મંગલ કથા' છે. 'સરોડાના એ નાનકડા બાળે પ્રવાસ શરૂ કર્યો. એ બાળ મટી બ્રહ્મચારી કહેવાયો. તેનો પ્રવાસ પુણ્યપ્રવાસ કહેવાયો. એ પુણ્યપ્રવાસી મહાયાત્રી બની એક ધન્ય ક્ષણે 'પૂર્ણ યાત્રી' કહેવાયો.'

શ્રી યોગેશ્વરજીરચિત 'પ્રકાશના પંથે'નું પ્રત્યેક પર્ણ તેમના અપ્રતિમ પુરુષાર્થનો આહલેક પોકારે છે. જગદંબા માટેની અંતરની 'તીવ્ર વ્યાકુળતા' જ મુખ્ય સહાયક બને છે. એને મેળવવા દિવસોના દિવસો, મહિનાઓના મહિનાઓ, વરસોનાં વરસો, સર્વ સમયે, સર્વ અવસ્થામાં-સૂતાં-જાગતાં-સ્વપ્નમાં, બેસતાં-ઊઠતાં, હરતાં-ફરતાં, સર્વ કાર્યોના આરંભ-મધ્ય-અંતમાં એને માટે એક 'તીવ્ર તડપન' જાગૃત રહે છે. સંસારનાં સુખદુઃખ, એશારામ, આડંબર, મોહ કશામાં હૃદય એને વિસારે પાડતું નથી. એક જ અભીપ્સામાં તન્મય રહે છે. પ્રભુચિંતનમાં મગ્ન ચિત્તની અનાસક્તિ દૃઢમૂળ થાય છે. ધ્યાન, મૌન, એકાગ્રતા, ઉપવાસો, એકાંત, મન્ત્રજપ, સિદ્ધોનો સત્સંગ ઈત્યાદિથી તન-મનની સંપૂર્ણ શુદ્ધિ થતાં સંસારનાં સર્વ બંધનો તૂટી જાય છે ને 'અખંડ સત્તાનો પ્રકાશ' પરિપક્વ સાધનાથી સધાય છે.

એક વિભૂતિની ચેતના વિશ્વચેતના સાથે આ રીતે એકરૂપ થઈને સાર્થક થાય છે. સમગ્ર વિશ્વ માટે જીવનમાંગલ્યનો રાહ ચીંધી, એના 'ઉત્તમોત્તમ રાહબર' તરીકે 'મા' સર્વેશ્વરીને પ્રતિષ્ઠ કરી; 'અસ્ખલિત પ્રેમધારાનું અભય વરદાન' ધરી દેનાર, પરમ ચૈતન્યસ્વરૂપ શ્રીયોગેશ્વરજીને કોટિ કોટિ પ્રણામ !

# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૬૮**

**તા. ૨૩-૧-૮૩, રવિવાર, મહા સુદ નોમ ૨૦૩૯**

**જોહાનિસબર્ગ-લેનેશિયા**

ડૉકટર શ્રી શશીકાન્તભાઈ અમારા ઉતારાની પાસે જ રહે છે. તેઓ પોતાની હરોળમાં વસતાં દશબાર ઘરોમાં સેવાભાવે સારવાર આપે છે. એમનું દવાખાનું તો શહેરમાં છે, પણ ઘર પર તેઓ મફત સેવા આપે છે. તેમની ગાડીમાં જ દરરોજ પ્રવચન-સ્થળે જવાનું બને છે. ફરવા જવાનું પણ તેમની જ ગાડીમાં થાય છે. તેઓ સંતોના મૂક સેવક છે.

આજની મુલાકાતમાં 'દર્શન એ મનની કલ્પના છે' એ અંગે ચર્ચા થાય છે. વળી, દૂરશ્રવણ અંગે પણ ચર્ચા થાય છે. છેવટે પૂ.શ્રી મને એ અંગે એક-બે અનુભવો કહી સંભળાવવા સૂચન કરે છે. મેં અનુભવો કહ્યા, તેથી સૌને ખૂબ આનંદ થયો. ઘણું જાણવા મળ્યું; સારું થયું, તમે આજે આટલું બોલ્યાં – એવા શબ્દો મુલાકાતીઓ તરફથી સાંભળવા મળ્યા.

આજે પણ બપોરે તેમની સાથે જ શહેરમાં ફરવા જવાનું બને છે. જોહાનિસબર્ગથી ૩૨ કિલોમીટર દૂર આવેલો લાયન પાર્ક જોવા માટે બપોરે અઢી વાગ્યે નીકળીએ છીએ.

માર્ગમાં આ દેશની વાતો થઈ, જેમાં જાણવા મળ્યું કે અહીં એંશી ટકા આફ્રિકન, પંદર ટકા ગોરા, ચાર ટકા



વર્ણસંકર અને એક ટકો હિન્દી લોકો વસે છે. અહીં નાતાલ પ્રાંતમાં હિન્દુ વધારે છે, જ્યારે ટ્રાન્સવાલ પ્રાંતમાં મુસ્લીમો વધારે છે.

માર્ગ રળિયામણા પર્વતોથી શોભતો હતો. એક પર્વત ઉપર હેન્ડ-ગ્લાઈડર જોવા મળ્યાં, જે આકાશમાં ઊડતાં હતાં. કપડાની પતંગિયા આકારની છત્રી આપણી પીઠ પાછળ ઊંધા સૂઈને પહેરવાની ને હાથની મદદથી આકાશમાં ઉડ્ડયન કરવાનું. ત્રણ-ચાર ભાઈઓ એ રીતે ઊડતા જોવા મળ્યાં. મોટાં પતંગિયાં કે મોટાં પક્ષીઓ ઊડતાં હોય એવું દૂરથી લાગે. નજીકથી અમારી ગાડી પસાર થઈ ત્યારે એ પતંગિયા આકારની છત્રી નીચે સૂતો સૂતો ઊડતો એક પુરુષ જોવા મળ્યો. આવા ઉડ્ડયન માટે ક્લબો હોય છે, જેમાં એની તાલીમ લેવાની હોય છે. વળી, તેનો ચોક્કસ વિસ્તાર હોય છે ત્યાં જ ઊડી શકાય છે.

લાયન પાર્ક વિશાળ જમીન ઉપર આવેલો છે. એક નાનું શહેર હોય એવો તેનો કુદરતી ઝાડપાનવાળો વિભાગ છે. તેમાં હરણાં, શાહમૃગો, ઝિબ્રા, વગેરે કુદરતી રૂપમાં જોવા મળ્યાં. વળી, અંદરના જંગલમાં ત્રણ-ચાર છૂટાં ફરતાં સિંહ, સિંહણ અને તેમનાં બચ્ચાંઓ જોવા મળ્યાં.

અમારી ગાડી પાર્કની અંદર દાખલ થઈ ત્યારે કાચ અર્ધા બંધ કરવાની સૂચના વાંચવા મળી. ત્યાં દશબાર સિંહ અને સિંહણો એક વૃક્ષ નીચે શાંતિથી આરામ કરતાં જોવા મળ્યાં. ગાડી છેક પાસે ગઈ છતાં તેઓ શાંતિથી બેઠાં હતાં.

કેટલાંક ઊંઘ લેતાં હતાં. કેટલાંક જાગીને જોતાં હતાં. કોઈ વળી ઊંચાં થતાં હતાં. એક-બે સિંહ રસ્તો પસાર કરીને પોતાનાં બચ્ચાં પાસે જતા જોવા મળ્યા.

પૂ.શ્રીએ એ દૃશ્ય જોઈને કહ્યું કે, આ સિંહો સહેજ ઊંચા મોં કરીને બેસે તો એમ જ લાગે કે કોઈ જટાધારી સાધુ તપ કરવા બેઠા છે.

દૃશ્ય કુદરતી છતાં ભયંકર હતું. આ સ્થળે જ એક માણસને મૃત્યુને ભેટવાની ઈચ્છા થયેલી તો તે ગાડીમાંથી ઊતરીને આ ટોળા પાસે પહોંચી ગયેલો, જેથી તેને થોડી જ મિનિટમાં, હુમલો કરીને મારી નાખેલો. એ વાત જાણવા મળી. આ એવું ભયંકર સ્થળ હતું, જ્યાં માનવી મોતને શરણે જઈ શકે.

વિશાળ જંગલ જેવા આ સ્થળમાં વિશ્રામસ્થાન પણ હતું. ત્યાં ખુલ્લામાં ખુરશી-ટેબલો હતાં. ત્યાં થોડીવાર બેઠાં. ત્યાં દુકાનો પણ હતી. ત્યાંથી કાર્ડ લીધાં. વળી, આફ્રિકનો કેવા ઘરોમાં રહે છે તે પણ જોવા મળ્યું.

ત્યાં સિંહનાં ત્રણ બચ્ચાં છૂટા જ ફરતા હતાં. તે બોટલથી દૂધ પીતા હતાં. તેમની પાસે જઈને તેમનાં મોંએ દૂધ પીવડાવતાં એક ફોટો શ્રી મગનભાઈએ લીધો. બચ્ચાં નાનાં હતાં એથી અહિંસક હતાં. એ જ બચ્ચાં મોટાં થતાં હિંસક બની જાય છે.

અમારી સાથે બીજી પણ ગાડી હતી, જેમાં જયમતીબેન, હસવતભાઈ ને બાળકો હતાં. એ સૌની સાથે પણ ફોટાઓ લીધાં.



લાયન પાર્કમાં પ્રવેશ મેળવવાની ફી એક ગાડીના છ રેન્ડ હતી.

રાત્રે સાડા આઠ વાગ્યે અંગ્રેજીમાં પ્રવચન હતું. પ્રવચન પહેલાં શ્રી જેક્સને સ્વાગત-પ્રવચનમાં કહ્યું: આપણે બે પ્રવચનો સાંભળ્યા. ખૂબ જાણવાનું મળ્યું. મહાત્માજીનાં દર્શનથી આપણને પ્રેરણા મળે છે. આપણાં અહોભાગ્ય છે કે આપણને તેમનો લાભ મળે છે. મહાત્માજી અવતારી પુરુષ છે. આપણે એમનું સ્વાગત કરીએ છીએ.

આજે પૂ.શ્રીએ 'ભક્તિયોગ' ઉપર પ્રવચન આપ્યું. પ્રવચન પહેલાં મંડળે બે ત્રણ ભજનો ગાયાં. હૉલ આજે પણ ભરાયેલો હતો.

પ્રવચન બાદ સંચાલકે આભારદર્શનમાં કહ્યું: આ હવે નિરાશાની પળો છે. કેટલાક દિવસોથી આપણે પૂ.શ્રીનાં પ્રવચનોનો લાભ લઈ રહ્યાં છીએ. આજે આ છેલ્લું પ્રવચન છે. આપણે તેઓશ્રીનો ઘણો આભાર માનીએ છીએ.

પ્રવચન બાદ શ્રી જેકસન પૂ.શ્રીને દરરોજની જેમ પ્રણામ કરવા આવે છે. તેઓ ગુજરાતી પ્રવચનોમાં પણ નિયમિત આવતા હતા. પૂ.શ્રી પ્રવચનને અંતે જાહેરમાં અંગ્રેજીમાં ટૂંકસાર કહેતા તે સાંભળવા તેઓ શાંતિથી ધીરજ રાખીને બેસતા.

આજે જ્યારે પૂ.શ્રી પાસે તેઓ આવે છે ત્યારે પૂ.શ્રી તેમને કહે છેઃ તમારું નામ હવે જેકસનને બદલે જ્યોતિર્ધર રાખીએ. તે સારું નામ છે. પ્રભુની એવી ઈચ્છા છે કે તમે જ્યોતિર્ધર બનો.

શ્રી જેકસન એ સાંભળીને પ્રણામ કરીને ખૂબ આનંદથી આભાર માનતા માનતા બેસી ગયા.

પૂ.શ્રીએ કહ્યું, આજથી નવું નામ, આજથી નવું જીવન.

એમ કહી પૂ.શ્રી તેમને પ્રસાદમાં પુષ્પનો હાર આપે છે.

શ્રી જેકસન હવે જ્યોતિર્ધર બન્યા તેનો તેમને આનંદ હતો. તેમને તે નામ ખૂબ ગમ્યું.

પૂ.શ્રીએ થોડી બીજી વાતો પણ કરી. પછી ત્યાં પ્રણામ કરીને બીજા જે ઊભા હતા તેમને પણ પૂ.શ્રીએ ફૂલો આપ્યાં. સત્યસાંઈબાબાની તસવીરની પાસે દીવડા હતા તેની ફરતાં જે ફૂલો હતાં તે પણ પૂ.શ્રીએ લીધાં ને સૌને પ્રસાદરૂપે આપ્યાં.

ઉતારા ઉપર આવી ગયાં.

દૂધ-ફળ લઈને આરામ કર્યો. આજે મકાઈનો ચેવડો પણ પૂ.શ્રીએ લીધો.

હરિઃ ૐ

**—'મા' સર્વેશ્વરી**

'સંત પ્રત્યક્ષ પુરુષોત્તમ છે, હાલતાચાલતા પરબ્રહ્મ છે. પ્રિયા, પુત્ર તથા ધન જોઈ પ્રેમથી જેમ નયન ઠરે છે તેમ સંતની પ્રતિમામાં કે સાધુના દર્શનમાં જેને પ્રેમ નથી તે દેખતા અંધ છે.'

**—'એકનાથી ભાગવત'**



## ॥ શ્રી યોગેશ્વરજી : શ્રી રામકૃષ્ણદેવના અવતાર ॥

શ્રી યોગેશ્વરજી પૂર્વજન્મમાં શ્રી રામકૃષ્ણદેવ હતા એ જ્ઞાન તેઓશ્રીને ઈ.સ.૧૯૪૪માં થયું.

૧૪ મે વર્ષે મુંબઈની એક હાઈસ્કૂલમાં એક વાર એક વિદ્યાર્થી મિત્રે શ્રી રામકૃષ્ણ પરમહંસનું જીવનચરિત્ર વાંચવા આપ્યું. એ વાંચતાં તેઓશ્રી નોંધે છે તેમ; 'મારા જાણેલા-માણેલા જીવનનું જ મેં મનન કર્યું હોય એમ મને લાગવા માંડ્યું. આ મારું જ જીવનચરિત્ર છે એવો ભાવ થઈ આવેલો.' 'પૂર્વજન્મની આછી સ્મૃતિ' જાગી હોય એવી મારી દશા હતી.

વર્ષો પછી સાધનારત રહેતા શ્રી યોગેશ્વરજી જમનોત્રીની ધર્મશાળામાં ધ્યાનમાં બેઠા. તેમના શરીર-મનનો લય થઈ ગયો ને એ જાણે કોઈ જુદા જ જગતમાં પહોંચી ગયા. એક મોટા સભાગૃહમાં સોએક મહાત્માઓ બેઠેલા. તે યોગેશ્વરજીને જોઈને ઊભા થઈ ગયા, એકી અવાજે બોલી ઊઠ્યા; 'આવો...તમે છો.' ને બે સુંદર વાક્યમાં એમના બે પૂર્વજન્મનું જ્ઞાન આપ્યું.

થોડા દિવસ પછી ગંગોત્રીની યાત્રાએ જતાં ત્યાં પણ એ જ અનુભવ થયો.

પછી તો દસ વર્ષમાં પચાસથી વધારે વાર પૂર્વજન્મનું જ્ઞાન થયું.

ઈ.સ. ૧૯૪૬માં બદરીનાથની યાત્રામાં ફૂલાનંદ મહાત્માએ કહ્યું. 'કાશીના સચ્ચે બાબાની શક્તિ મારામાં કામ કરી રહી હોય એવું મને લાગે છે.' ત્યારે યોગેશ્વરજી પોતાના પૂર્વજન્મની માહિતી છે પણ કહેવાનું મન નથી થતું. એમ કહેતાં તેમણે સામેથી કહ્યું; 'મારું હૃદય તો કહે છે તમે પૂર્વજન્મમાં...હતા.'

આ સાંભળી યોગેશ્વરજીને નવાઈ લાગી.

યોગેશ્વરજી નોંધે છે તેમ; 'મારા સાધનામય જીવનના બધા મહત્ત્વના અનુભવોને મેં એક નહીં પણ અનેકવાર કસી કે ચકાસી જોયા છે.'

બહુ નાની ઉંમરથી જ મન ઈશ્વર તરફ વળવા માંડ્યું. એક મહાન ને સાચા સંત થવાની ભાવના મારામાં જાગ્રત થઈ. તેથી મને એમ તો લાગતું જ હતું કે પૂર્વજન્મમાં હું કોઈ સાચો સંત કે તપસ્વી હોઈશ.

પૂર્વજન્મમાં પોતે શું હતા એ જાહેર કરવાનું યોગેશ્વરજી એટલા માટે ટાળે છે કે; 'મારી જિજ્ઞાસાને સંતોષવા ને મને ઉત્સાહ ને પ્રેરણા આપવા ઈશ્વરે તેનો પ્રકાશ મારા દિલમાં પાથરી દીધો છે. તે એક વ્યક્તિગત વસ્તુ છે. ભવિષ્યમાં ઈશ્વરની ઇચ્છા હશે ને અનુકૂળ વખત આવી પહોંચશે તો જાહેર કરાશે.'

તેઓશ્રી વિનમ્રભાવે કહે છે : 'તે જન્મની મારી યોગ્યતા આગળ આજની યોગ્યતા રજ બરાબર પણ નથી. તો પણ તે કારકિર્દીથીયે ઉત્તમ કારકિર્દીની મારી ઇચ્છા છે.'

'તે પરમાત્મામય હતા. પરમાત્માના પરમ પ્રકાશના કિરણ હતા. તે પ્રકાશના પહેલા મુક્ત કિરણની જેમ મારા રૂપમાં આ અન્ય કિરણ છૂટ્યું છે. એક રીતે જોઈએ તો સમસ્ત સંસારે ઈશ્વરના કિરણ કે સંસ્કરણરૂપ જ છે ને ?'

પછી લગભગ ૩૩ વર્ષ પછી ઘણા લાંબા વખતે (૧૯૭૭માં) 'પ્રકાશના પંથે' આત્મકથા પ્રગટ થતાં શ્રી યોગેશ્વરજી કહે છે : 'હું પૂર્વજન્મમાં વિશ્વવિખ્યાત સંત શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ હતો.'



(ઈ.સ.૧૯૪૪માં જમનોત્રીની યાત્રા દરમ્યાન પેલા દિવ્ય મહાપુરુષો બોલી ઊઠેલા : 'આવો રામકૃષ્ણદેવ ! તમે બુદ્ધ છો.')

શ્રી માસ્ટર મહાશયે નોંધ્યું છે : 'શ્રી રામકૃષ્ણદેવે કહ્યું હતું. મારે ઉત્તર પશ્ચિમી દિશામાં ફરી વાર આ માનવશરીરને ધારણ કરવું પડશે. મારે એક વાર ફરી જન્મવું પડશે એટલે મારા સાથીદારોને સંપૂર્ણ જ્ઞાન આપતો નથી.'

જો કે, શ્રી યોગેશ્વરજી કહે છે કે; 'આ જ્ઞાન તો મને મારા લાભ માટે મળેલું છે, બીજા માને તેવો મારો આગ્રહ નથી. મેં તો મારા અનુભવનું આલેખન કર્યું છે, એટલું જ. બીજાને માટે તો હું વર્તમાન જીવનમાં જે છું તે જ વધારે મહત્ત્વનું છે. મારે પૂર્વજન્મના નામને વટાવીને યશસ્વી નથી થવું. એના મહત્ત્વના આધાર ઉપર મહત્ત્વ નથી બતાવવું.'

દક્ષિણેશ્વરની યાત્રામાં શ્રી યોગેશ્વરજી શ્રી રામકૃષ્ણના ખંડમાં બેઠા તો તેમના શરીરના રોમેરોમમાંથી શ્રી રામકૃષ્ણનાં સ્વરૂપો નીકળવા માંડ્યાં. જગદંબાએ કહ્યું; 'એવાં હજારો રામકૃષ્ણદેવ હું સર્જી શકું છું. હું જ તમારા રૂપે આવી છું. ને તે પણ મારું જ રૂપ હતું.'

શ્રી યોગેશ્વરજી કહે છે; 'બહારનાં રંગરૂપ ફરે પણ અંદરનું સત્ત્વ તો ટકે. શ્રી રામકૃષ્ણદેવની નવી આવૃત્તિ બહાર પડે તો એ હિમાલય કે પરદેશ ન જાય તેવું થોડું છે ?'

સૌથી વિશદ હકીકત એ છે કે; 'પ્રભુમાંથી અવતરણ પામેલા આપણે બધા પ્રભુના અવતારો જ છીએ ને ?'

—સંપાદન

# ॥ મહાત્મા યોગેશ્વરજી-ગુજરાતનું ગૌરવ ॥

"શ્રી યોગેશ્વર આજને દહાડે જગતના વિરલ પુરુષ વિશેષોમાંના એક છે. અથવા એટલું જ શા માટે?....જગત પોતાના સૌથી મહાન મનુષ્યોને ઓળખતું નથી તેવાઓમાંના એક."

શ્રી વિજયરાય ક. વૈદ્ય

('પરિમલ' પુરોવચન પૃ.૪)

ગુજરાતના મૂર્ધન્ય વિદ્વાન સાક્ષર સ્વ. શ્રી વિજયરાય વૈદ્યના ઉપરોક્ત શબ્દો ઘણું કહી જાય છે. સર્વ શ્રેષ્ઠ મહાપુરુષોને ઓળખવામાં આ જગત ઘણું મોડું પડે છે તેવી માર્મિક ટકોર પણ ઉપરોક્ત શબ્દોમાંથી ધ્વનિત થાય છે. ઈ.સ. ૧૯૬૦ પછી તેઓશ્રીએ ભાગવતી શક્તિથી સંપન્ન બનીને ગુજરાતના શહેરોમાં લોકસંગ્રહાર્થે વિચરણ કરવા માંડ્યું હતું. ત્યાર પછી તેમને હાથે સર્જાયેલ સાત્ત્વિક સાહિત્ય પણ પ્રત્યેક વર્ષે પ્રકાશિત થવા લાગ્યું. સ્વ. શ્રી વૈદ્ય સમસ્ત ગુજરાતના મહાન વિવેચક હતા. તેમની સત્ય પારખુ દૃષ્ટિએ સાહિત્ય દ્વારા પૂ.યોગેશ્વરજીના સામર્થ્યનું સમયોચિત સુભગ દર્શન કરી લીધું હતું તેની પ્રતીતિ ઉપરોક્ત વિધાન દ્વારા આપણને થાય છે.

ભગવદદર્શનની અભિલાષાથી ત્યાગને પંથે ઘણા વળે છે. પરંતુ ત્યાગનો માર્ગ તો ઘણો કપરો માર્ગ છે. શૂરવીરનો માર્ગ ગણાય છે તેથી ઘણા ખરા તો ધ્યેયસિદ્ધિ પહેલાં જ પતન પામે છે. જે સિદ્ધ બને તે પુરુષ વિશેષ છે. વિરલ શબ્દ વીસમી



સદીમાં પુરાણોમાં વાંચવા મળે છે તેવી તેમણે કરેલી ઘોર તપશ્ચર્યાનું તે દ્વારા પ્રાપ્ત થયેલ યૌગિક સિદ્ધિઓનું અને તે સિદ્ધિઓને પચાવી નમ્રાતિનમ્ર ભાવે તેમના દ્વારા લોકસંગ્રહના કાર્યનું યથોચિત મૂલ્યાંકન છે. તેમને સાંભળવા એ પણ એક લહાવો છે. ત્યારે પણ તેમને માટે વપરાયેલું વિરલ વિશેષણ યથાર્થ લાગ્યા વિના રહેતું નથી. સ્વાનુભૂતિજન્ય આત્મબળથી રસાયેલી કસાયેલી, હૃદતલના ઊંડાણમાંથી અસ્ખલિત રીતે વહેતી તેમની શ્રીવાણી જિજ્ઞાસુ શ્રોતાઓને પતિતપાવન ગંગા જેવી પુણ્યશાળી લાગે છે. તેમાં વપરાયેલી ભાષા શિષ્ટ, ઓજસ્વી છતાં સરળ, સરસ ને સચોટ હોય છે. ક્યાંય પણ દુર્બોધ નહીં. શ્રોતાઓને સમયનું ભાન રહેતું નથી. તેથી જ તેમને માટે વપરાયેલું વિરલ વિશેષણ આપણને ગમી જાય છે. આ દૃષ્ટિએ તેઓ વિરલ વક્તાવિશેષ પણ છે.

તેમણે માત્ર નવ વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવેલી. સ્થિતિ અત્યંત ગરીબ. મુંબઈ અનાથ આશ્રમમાં રહીને ભણ્યા. માતાનો એકનો એક દીકરો નાનપણથી જ પરમાત્માપ્રેમી. ભણતાં ભણતાં પ્રભુ દર્શનની ઝંખના તીવ્રતમ બની એટલે માતાની સંમતિ લઈ હિમાલયનું શરણું લીધું. દેવપ્રયાગમાં ઘોર તપશ્ચર્યા કરી. સાત વરસ સુધી ઉંઘ નહીં. સાત વરસ સુધી સૂવાનું નહીં ઉપવાસોની કોઈ અવધિ નહીં. દેહ પડી જાય તો ભલે પણ પ્રભુના દર્શન થાય તો જ અન્ન લેવું. માત્ર પાણીના પાંચ આચમન જ લેવા. એકસો ત્રણ દિવસ સુધી ઉપવાસ ચાલ્યા. સામે લાલચો કસોટી કરતી. આગંતુક પ્રવાસીઓ સારી સારી વાનગીઓ સામે

મૂકી જતા. સાત વર્ષ સુધી મૌન. વાત તો કોની સાથે કરે ? તેમનું મન તો પ્રભુ સાથે જ વાતો કર્યા કરે. પ્રભુને આજીજીપૂર્વકની પ્રાર્થના કર્યા જ કરે. અષ્ટસિદ્ધિ નવનિધિની લાલચો પણ આવી. કાંઈ જ ખપ્યું નહીં. માત્ર પ્રભુનું જ દર્શન. આખરે પરમાત્માએ તેમની મનોકામના પૂર્ણ કરી.

એકના એક દીકરાએ તો પ્રભુ સાથે પ્રીત જોડેલી. એટલે માતાજીની સંભાળ કોણ રાખે ? સમય જતાં માતાજીને પણ સાથે રાખ્યાં. માતાજીને પણ આધ્યાત્મિકતાથી સંપન્ન બનાવ્યાં, લગભગ બત્રીસ વર્ષ સુધી માતાજીને સાથે રાખી તેમની યથોચિત સેવા કરી. તેથી તેમને માતૃભક્ત તરીકે પણ સંતજગત ઓળખે છે. આ દૃષ્ટિએ પણ તેઓ વિરલ વિશેષ સંત કહેવાય. આજના જમાનામાં એક ગૃહસ્થી પણ પોતાની માતાની સાર સંભાળ ન રાખી શકે તેવી સંભાળ તેમણે માતાજીની અંતિમ માંદગીમાં પણ રાખી. તેમનાં માતાજી ઈ.સ. ૧૯૭૯માં જ દેવલોક પામ્યા. પોતાના શરીર પર હાર્ટ એટેકના બબ્બે હુમલાઓ આવ્યા તો પણ તેમણે માતાજીને સ્વસ્થ ચિત્તે વિદાય આપી. લોકાચાર પ્રમાણે શાસ્ત્રોક્ત વિધિઓ પણ કરી. પોતે સાહિત્યકાર એટલે માતાજી ઈક્ષોતેર વર્ષે દેવલોક પામ્યા તેથી તેમણે ઈક્ષોતેર કાવ્યોનું સર્જન કરી તેમનું તર્પણ કર્યું. એક સંત, સમર્થ સાહિત્યકાર હોય તે પણ વિરલ જ કહેવાયને ! નહીં તોય નેવું જેટલા ગ્રંથ-પુષ્પો અત્યાર સુધીમાં મા શારદાના ચારુ ચરણોમાં સમર્પિત અને તે પણ વૈવિધ્યસભર ને શુદ્ધ સત્ત્વશીલ સાહિત્યના વિવિધ સ્વરૂપોને જાણે કે આત્મસાત્ કરી ચૂક્યા હોય તેવા પ્રજ્ઞાશીલ સંત-સર્જકોની સંખ્યા આ જગતમાં વિરલ જ રહેવાની !



અનંત શક્તિઓથી વિભૂષિત થયેલું તેમનું વ્યક્તિત્વ સમસ્ત ગુજરાતને માટે ગૌરવરૂપ છે. મહર્ષિ અરવિંદે અતિમનસને આ સ્થૂળ પૃથ્વી પર અવતરિત કરવાની મહેચ્છા કરેલી. પરમાત્માની તે પરાત્પર ચેતના તેઓશ્રીમાં ઇ.સ. ૧૯૬૦ થી આવિષ્કૃત થઈ ચૂકી છે એટલું જ નહીં પણ તે પરાત્પર ચેતના ચોવીસે કલાક, ચંદ્રમાં ચાંદની અતૂટ પણ જોડાયેલી રહે તે રીતે જોડાયેલી રહે છે. ઈચ્છામાં આવે તે રીતે તે ત્યારે તેની સાથે વાતો પણ કરી શકે છે. આવા અન્ય સંત ગુજરાતમાં ક્યારે જન્મ્યા હશે તેની મને તો જાણ નથી. આ દૃષ્ટિએ પણ તેઓશ્રી આધ્યાત્મિકતાના સર્વ ઊર્ધ્વતમ શિખરોને સર કરનાર વિરલ વિશેષ સંત છે.

આવી મહાન વિભૂતિ સાથે અમેરિકામાં મને પોણા બે મહિના સુધી રહેવાની સુવર્ણ તક પ્રાપ્ત થઈ હતી, તેથી હું મારી જાતને અત્યંત સદ્ભાગી સમજું છું. તેમને નજીકથી જોવા એ પણ એક લહાવો છે. એક એક મિનિટનો તેઓ ઉપયોગ કરતા હતા. આખી રાત ભાગ્યે જ તેઓ સૂતેલા જણાય. સૂતા હોય તો અર્ધો કલાકથી વધુ નહીં જ. ક્યાં તો તેઓ ધ્યાનસ્થ અવસ્થામાં બેઠેલા જણાય અથવા તો પોતાની રૂમમાં આંટા મારતા જણાય. માતાજીના અવસાન પછી માળા કરવાનો નિયમ તેમણે રાખ્યો છે. તેથી આંટા મારતી વખતે હાથમાં માળા પણ જણાતી હોય છે. મળસ્કે ફરીથી સમાધિસ્થ બની જાય. આસન, પ્રાણાયામ, વ્યાયામ વગેરે નિયમિતપણે કરીને તેઓ સ્નાન કરી લે છે. સ્નાન કર્યા પછી ફરીથી એક કલાક ધ્યાન કરી લે છે. ત્યાર પછી

તેઓ લેખનકામમાં મગ્ન બની જાય છે. અમેરિકામાં આવ્યા ત્યારે તેઓ તુલસીકૃત રામાયણને ગુજરાતીમાં દોહાચોપાઈમાં અનુવાદિત કરવાનું કાર્ય નિયમિત રીતે કરતા જણાતા. સવારે સાડા ત્રણ કલાક એકધારા લેખનકાર્યમાં વ્યતીત કર્યા પછી તેઓ સાડા અગિયાર વાગ્યે ભોજન માટે તૈયાર થાય. ભોજન જાતે જ બનાવતા. ભોજન પણ કેટલું ? તદ્દન અલ્પ. સામાન્ય માણસને અલ્પાહાર પણ ઓછો પડે તેટલો તેમનો ખોરાક. ઘણીવાર તો એક જ વાર જમતા. એક વાર દૂધથી જ ચલવી લેતા. જમ્યા પછી ટપાલ લખાવવાનું કાર્ય કરાવતા. થોડો આરામ કર્યા પછી દોઢ કલાક ફરીથી લેખનકાર્ય કરતા. સાંજે દોઢ કલાક વ્યાખ્યાન માટે આપતા. આ રીતની તેમની દિનચર્યા પણ તેમને વિરલ વિશેષ સંત તરીકે પૂરવાર કરે છે.

તેમના સામર્થ્યનો પરિચય નજીક આવનારને વારંવાર થયા કરતો. તેમને પ્રશ્ન પૂછનારનો મનોભાવ કે તેમને વંદન કરનારનો મનોભાવ સહજ રીતે તેઓ જાણી જતા. એટલું જ નહીં પણ ઘણીવાર અજાણ્યા ભાઈઓ બપોરની બારથી એક વાગ્યાની બેઠકમાં આવતા ત્યારે તેઓને વગર પ્રશ્નો પૂછ્યે યોગ્ય ઉત્તરો મળી જતા ત્યારે આશ્ચર્ય થતું. આમંત્રણો અવાર નવાર મળ્યા કરતા. આમંત્રણ આપનાર કેવો વિચાર ધરાવે છે અને કેવી રીતે જીવન ગુજારે છે તે પણ મારા જેવાને કહી દેતા. વિના પહેચાને અજાણી વ્યક્તિનો ઈતિહાસ તેઓ જાણી જતા. કાંઈ અઘટિત બનાવની ઝાંખી પણ તેમને થઈ જતી. કોઈ તેમને છેતરી શકે નહીં એની પ્રતીતિ અમોને વારંવાર થતી. તેમની



સર્વજ્ઞતાનો પરિચય અમોને પળે પળે થતો. ત્રિકાળ જ્ઞાનીઓમાં પણ તેઓશ્રી અમોને વિરલ વિશેષ જ લાગતા.

ઘડીયાળની સાથે તાલ મેળવતા હોય કે ઘડીયાળ તેમની સાથે તાલ મેળવતી હોય તે સામાન્ય રીતે પારખી શકાતું નહીં. નિયમિત કાર્યક્રમ, નિયમિત વ્યવહાર, નિયમિત વાતચીત, નિયમિત મુલાકાત આ બધું અમોને પ્રસન્નકારક લાગતું. તેમના સાંનિધ્યમાં અમારા મનમાં ખરાબ વિચારો ઉત્પન્ન થતા જ નહીં. અમોને કોઈ દિવસ કંટાળો આવ્યો જ નથી. તેમની મુખ પર છવાયેલી પ્રસન્નતા અમારા હૃદયમાં વ્યાપી વળતી હોય તેવો અમને વારંવાર અનુભવ થતો. તેઓ સ્વભાવે માયાળુ. ખરેખર તો કરુણાના સાગર જ. છતાં શિસ્ત માટે કડક, તેમના શરણમાં રહેવું હંમેશ ગમે તેવું તેમનું વર્તન ખરેખર દાદ માંગી લે છે. ખોટી આળપંપાળ કદી જોવા નહીં મળે. જે કહેવું હોય તે સ્પષ્ટ કહી દેતા. તેમના સાંનિધ્યમાં સાથે રહેનારના હૃદયમાં આધ્યાત્મિકતા અંકુરિત થતી મેં જોઈ છે. જેવી જેની ભૂખ તેવું તેને પીરસાઈ જતું તે મેં જોયું છે.

તેઓ શ્રી મહાત્મા ગાંધીજીના પરમ ભક્ત પણ ખરા. તેમના જીવન પર ગાંધીજીની અસર સ્પષ્ટ વર્તાયા કરતી. સાદાઈ, સાદગી ને સ્વભાવની સરળતા એ લક્ષણો સહુ કોઈનું ધ્યાન ખેંચતા. બપોરના લેખનકાર્ય પછી ઘણીવાર કહેતા કે 'હવે સમાજનો રોટલો ખાવાનો આપણને અધિકાર મળ્યો.' તેમનો પહેરવેશ પણ શુદ્ધ ખાદીનો. ફાટેલું કપડું જાતે સાંધી લેતા. કપડાં પણ જાતે જ ધોઈ લેતા. સ્વાવલંબીપણાનો

ગાંધીજીનો આદર્શ જાણે કે ચરિતાર્થ થતો જણાતો. લોકો ભેટ સોગાદ મૂકતા તે બધી સ્વીકારતા નહીં. ઘણીવાર પ્રસાદી તરીકે પાછી પણ આપી દેતા. કોને કેટલી જરૂર છે તે તેઓ બરાબર જાણી જતા. ઘણીવાર સામેથી દાન પણ આપતા. જ્ઞાનનું દાન તો તેઓ કરતા જ રહેતા હોય પણ કોઈને નાણાંકીય સહાય જરૂર જણાય ત્યાં કરવાનું ચૂકતા નહીં. આ પ્રકારના લક્ષણો આજે તો ભાગ્યે જ કોઈ સંતોમાં જણાતા હશે. તેમની પાસે કોઈ નિરાશ થઈને જતું નહીં. શરણમાં આવનારને નિર્ભયતાનો ને સલામતીનો અનુભવ થતો.

આવા સ્વનામધન્ય મહાપુરુષ મારા ગુરુદેવ છે. તેમને વિષે વધુ શું લખું ? તેમના ગુણો તો ગણાય નહીં એટલા. સાક્ષાત્ મા શારદા પણ વર્ણન ન કરી શકે તો મારા જેવા સામાન્ય જંતુનું તો શું ગજુ ? સદ્‌ગુરુ કબીર સાહેબ કહે છે તેમ;

**સબ ધરતી કાગદ કરું, લિખની સબ વનરાય**
**સાત સમંદકી મસ્ત કરું, ગુરુ ગુન લિખ્યા ન જાય !**

છતાં મારી પંચમહાભૂતની પ્રકૃતિએ જે જોયું ને અનુભવ્યું તે લખ્યું. વિરલ વિશેષ સત્પુરુષને લક્ષકોટિ વંદન કરીને વિરમુ.

**—શ્રી પરમાર્થી**

**'હદ મેં રહે સો માનવી**
**બેહદ રહે સો સાધુ**
**હદ-બેહદ દોનોં તજે**
**તિનકા મતા અગાધુ'**



# ॥ પરમાનંદની પ્રસાદી ॥

'ગુજરાતી ઉપનિષદ' હાથમાં પકડતાં જ સુજ્ઞ વાચકવર્ગને પૂ.યોગેશ્વરજીનું 'ઉપનિષદોનું અમૃત' પુસ્તક જરૂર યાદ આવશે. જન્મભૂમિ દૈનિક વૃત્તપત્રમાં વર્ષો પહેલાં તે લેખમાળાના રૂપે નિયમિત પ્રકાશિત થયેલું. તે સર્વ પ્રકારના વાચકોને ખૂબ ગમેલું. છતાં તેવા જ પ્રકારનું આ પુસ્તક ફરીથી તેમણે શા માટે તૈયાર કર્યું હશે એવો પ્રશ્ન જાગવા સંભવ છે. ઉપનિષદોને લોકભોગ્ય બનાવવાની તેમની ઈચ્છા હશે; વળી ઉપનિષદોની વાણી પરાવાણી છે અને તેમાં જીવ, જગત ને જગદીશનું જ પ્રતિપાદન છે એવી તેમની માત્ર માન્યતા હશે એણ કહેવું પણ પર્યાપ્ત ન ગણાય. બલકે તે પરાવાણીનો જાતે અનુભવ કરવા તેમણે પોતાનું સમસ્ત જીવન હોડમાં મૂક્યું હતું તેમજ હિમાલયના એકાંત પ્રદેશોમાં વર્ષો સુધી પલાંઠી વાળી પોતાની જાતમાં ડૂબી જઈ તે પરાવાણીને સાંભળવાનો લહાવો લૂંટ્યો હતો; તે પરમાનંદની પ્રસાદીરૂપ દિવ્ય વાણી કોસિયો પણ કોસ હાંકતા ગાઈ શકે ને આનંદ માણી શકે તેવા મહાત્મા ગાંધીજીએ પ્રબોધેલ સરળતાને ખ્યાલમાં રાખી લોકભાષામાં તેનો પદ્યાનુવાદ કરવા પૂ.યોગેશ્વરજી પ્રેરાયા હતા એમ કહેવું વધારે ઉચિત ગણાશે. કારણ કે પૂજ્ય યોગેશ્વરજી માત્ર સાહિત્યકાર જ નહોતા, તેઓ એક અનુભવી સમર્થ સંત પણ હતા. બલકે તેમણે સૌ પ્રથમ પોતાના સંતત્વને સંપૂર્ણપણે પ્રફુલ્લિત કર્યું હતું ને પછી તેઓ સાહિત્યકાર તરીકે ગણાયા હતા એમ કહેવાથી તેમની પ્રતિભાને સાચો ન્યાય મળશે. તેમણે કોઈની કહેલી વાત, કોઈની સાંભળેલી વાત કે કોઈની લખેલી વાત વાંચીને આ

પુસ્તક તૈયાર નથી કર્યું : તેમણે જે લખ્યું છે ને તેમણે જે સમજાવ્યું છે તે સૌ સ્વાનુભૂતિને આધારે જ. તેથી તેમની લેખનકલા કે તેમની વક્તૃત્વકલા તેમના સાધનાત્મક જીવનની ફલશ્રુતિરૂપે પ્રાપ્ત થયેલ પરમાનંદની પ્રસાદી જ લેખાય.

આ પુસ્તકમાં માત્ર દસ ઉપનિષદોને જ કેમ ધ્યાનમાં લીધા હશે એવો પ્રશ્ન થવા પણ સંભવ છે. પોતાના સાધનાસ્થળે દેવપ્રયાગના એકાંતમાં બેસીને આ પુસ્તક તેમણે લખ્યું હતું. માત્ર એક મહિનામાં જ તે પૂર્ણ પણ કર્યું હતું. તેવા સંજોગોમાં તે એકાંત સ્થળે બધાં ઉપનિષદો ઉપલબ્ધ ન થઈ શકે તે સમજી શકાય એવી ઘટના છે. તેઓ તે સમયે સાધનાત્મક જીવન જીવતા હોવાથી સાથે કશું રાખતા નહીં. ગીતાપાઠ નિયમિત કરતા એટલે નાની સરખી ગીતા સાથે જ રહેતી. એટલે જેટલાં ઉપનિષદો સહેલાઈથી મળ્યાં હશે તેનો જ પદ્યાનુવાદ તેમણે કરવા પ્રયાસ કર્યો હશે એમ માનવું જોઈએ. બાકી ઉપનિષદો તો અનેક છે. એવું માનવામાં આવે છે. જો કે સંખ્યા માટે કોઈ નિશ્ચિત મત નથી. તે ક્યારે લખાયાં હશે તેની કાળગણના માટે પણ કોઈ ચોક્કસ નિર્ણય કરી શકાતો નથી. એટલી વાત સાચી છે કે હિન્દુ સંસ્કૃતિ દુનિયાની જૂનામાં જૂની સંસ્કૃતિ ગણાય છે. તેના સિવાયની બધી જ સંસ્કૃતિઓ આજે તો નામશેષ થઈ ગઈ છે. માત્ર તે જ એક ટકી શકી છે તેનું મુખ્ય કારણ તેના વેદો ને ઉપનિષદો જ છે. દેશી પરદેશી સર્વે વિદ્વાનો આજે તો એકમતિથી કહે છે કે ઉપનિષદો ભારતીય સંસ્કૃતિના પ્રાણ છે.

બીજી એક નિશ્ચિત વાત એવી કરવામાં આવે છે કે અગિયાર ઉપનષિદો મુખ્ય ઉપનિષદો છે (ઈશ, કેન, કઠ, માંડૂક્ય, મુંડક, પ્રશ્ન, ઐતરેય, તૈત્રિરીય, શ્વેતાશ્વતર, છાંદોગ્ય



ને બૃહદારણ્યક). આ ઉપનિષદો ભારતીય સંસ્કૃતિનું ગૌરવ છે. તેમાં આત્મબળથી રસાયેલી દિવ્ય વાણીનો સંગ્રહ છે. તેનું અનુષ્ઠાન ને અનુપાન કરનારના જીવનમાં પ્રભાવક અસર થાય છે જ. તેથી જ તો એકવીસમી સદીમાં પ્રવેશવાની આપણે તૈયારી કરી રહ્યા છીએ ત્યારે પણ ભારતીય સંસ્કૃતિ ધબક્યા જ કરે છે. આ અગિયાર ઉપનિષદોને આધારે આઠમી સદીમાં થઈ ગયેલા જગદગુરુ શંકરાચાર્યે પ્રસ્થાનત્રયીની યોજના કરી હતી. ગીતા, બ્રહ્મસૂત્ર ને આ અગિયાર ઉપનિષદો પર જે મહાનિબંધ લખે તેને આચાર્યની ઉપાધિ આપવાની પ્રથા ત્યારથી જ ચાલુ થઈ હતી. તે હિસાબે અહીં તેમાંના નવ ઉપનિષદોનો સમાવેશ પૂજ્ય યોગેશ્વરજીએ કરી જ લીધો છે.

આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવેલું દસમું ઉપનિષદ ખૂબ સંક્ષપ્તિ સ્વરૂપનું ને સરળ છે. તેનું નામ કલિસંતરણોપનિષદ છે. તે ઉપનિષદ પાછળથી લખાયેલું માનવામાં આવે છે. નાનાં નાનાં ઘણા ઉપનિષદો મહાભારતના કાળ પછી લખાયેલાં હોવા જોઈએ એવો વિદ્વાનોનો મત છે. પરંતુ તે તમામ ઉપનિષદોમાં અનુભૂતિનું જ્ઞાન શબ્દસ્થ કરવામાં આવ્યું છે અને તેનું અનુકરણ કોઈ કરી શકતું નથી તે અંગે વિદ્વાનો એકમતિ ધરાવે છે. ઋષિમુનિઓની તે મૌલિકતા હતી એટલું જ નહીં પણ તે તેમની નિજી સંપત્તિ હતી, જેને કોઈ ચોર લૂંટી શકે નહીં. સાધનામાં ડૂબ્યા વિના તેનો અનુભવ કોઈ કરી શકે નહીં. આવા કારણથી ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ અન્ય સંસ્કૃતિ પર પડ્યો હતો. ગ્રીક સંસ્કૃતિ આજે અસ્તિત્વમાં નથી પણ દુનિયાની પુરાણી સંસ્કૃતિમાં તે પણ અગત્યની સંસ્કૃતિ ગણાય છે. તે સંસ્કૃતિના તેજસ્વી તારકો જેવા કે પ્લેટો ને

પાયથાગોરસ આજે પણ એટલા જ વિખ્યાત છે. પ્લેટોએ ઈન્દ્રિયાતીત અનુભવનું મહત્ત્વ દર્શાવ્યું છે ને પાયથાગોરસે રહસ્યવાદની ગૂઢ વાતો સમજાવી છે. બંને મહાપુરુષો પર ઉપનિષદોની વિચારસરણીની સીધી અસર અભ્યાસુને લાગ્યા વિના રહેતી નથી. આ મહાપુરુષોનો કાળ ઈ.સ. પૂર્વે છઠ્ઠા કે સાતમા સૈકામાં માનવામાં આવે છે. એનો અર્થ એ થયો કે અઢી હજાર વર્ષ પહેલાં પણ દેશપરદેશમાં લોકોની અવરજવર થતી ને એકમેક પર સારીનરસી અસર પણ થતી.

મુસ્લીમ સંસ્કૃતિ પર તો એથી પણ વિશેષ અસર થઈ હોવાના પુરાવાઓ મળ્યા છે. સૂફીવાદ તો તેનું પરિણામ જ છે. ઉપનિષદોનો ફારસી ભાષામાં સૌ પ્રથમ તરજુમો કરાવનાર શાહજહાંનો પુત્ર દારાશાહ ગણાય છે. મુલ્લાશાહ તેના ગુરુ હતા. બાબલાલ નામે એક હિન્દુ ગૃહસ્થ સંત સાથે તેમનો વિશેષ પરિચય હતો. તેમની પાસેથી તેમણે ઉપનિષદો સાંભળ્યા હતાં. તે સાંભળીને મુલ્લાશાહને કુરાને શરીફ યાદ આવ્યું હતું. કુરાને શરીફમાં ''કિતાબે મકનૂન''ની વાત કરવામાં આવી છે. ''અન્ના કુરાન કરીમ કિતાબ-ઈ-મકનૂન'' અર્થાત્ કુરાને શરીફ એક કિતાબમાં ગુપ્ત છે. તેથી મુલ્લાશાહે પોતાના શિષ્ય દારાને તેની ખોજ કરવાની આજ્ઞા કરી હતી. દારા શાહે નિષ્ણાતો પાસે ઉપનિષદોનો ફારસીમાં તરજુમો કરાવ્યો હતો. આ રીતે ઉપનિષદોનું મહત્ત્વ મુસ્લીમ વિદ્વાનોમાં વધી ગયું હતું. ત્યાર પછી તેના લેટિન ભાષામાં ને જર્મની ભાષામાં પણ ભાષાંતર થયા હતાં. તેથી જ તો ઓગણીસમી સદીનો વિશ્વવિખ્યાત જર્મન તત્ત્વવેત્તા શોપેનહોર તેને વાંચીને નાચી ઊઠ્યો હતો. ટૂંકમાં, ઉપનિષદોની વાણી સામાન્ય વૈખરી વાણી નથી પણ તે એક આર્ષવાણી છે. તેથી



જગતના કોઈપણ માણસને તે આકર્ષી શકે છે.

આજે ભારતની પ્રજા પોતાની આવી આગવી સમૃદ્ધિથી લગભગ અપરિચિત છે. સંસ્કૃત ભાષા તરફ તેની અવગણના તે માટે જવાબદાર ગણાય. સંસ્કૃતને તે મૃતભાષા તરીકે લેખાવવામાં ગૌરવ અનુભવે છે તે તેની કરુણતા છે. દેશમાં વસતા હોય કે પરદેશમાં રહેતા હોય, કોઈ ભારતીય જનને ઉપનિષદો વિશે પૂછવામાં આવે તો તેઓ કશું જ બોલી શકતા નથી. તો પછી અભણ માણસોનું તો પૂછવું જ શું ? છતાં ગામડાંઓમાં સંતવાણી-ભજનવાણીનું મહત્ત્વ લોકોએ સ્વીકારેલું હોવાથી ઉપનિષદોની છાંટ તેવા શબ્દોમાં આજે પણ જળવાઈ રહી છે તે એક આશાસ્પદ ચિહ્ન ગણાય. પ્રિન્ટીંગ પ્રેસની શોધ તો વીસમી સદીમાં થઈ. પણ તે પહેલાં ભજનો કંઠસ્થ રહેતાં ને વડીલો વારસામાં તે શીખવી જતાં. ભજનોના સમૃદ્ધ વારસામાં ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન આ રીતે આજ દિન લગી ગામઠી પ્રજામાં જળવાઈ રહ્યાનો અનુભવ થાય છે. તે પ્રથા આજ દિન લગી કેમ ચાલી ? કારણ કે માણસને ગાવાનું સૌ પ્રથમ ગમે છે. તે ગાઈ ઊઠે છે ત્યારે તે કોઈની પરવા કરતો નથી. તેથી ગદ્ય કરતાં પદ્યનો પ્રચાર વિશેષ રહેતો. પૂજ્ય યોગેશ્વરજીએ તેમાંથી જ પ્રેરણા લઈને આ પદ્યાનુવાદ ઈ.સ. ૧૯૪૯માં કર્યો હતો.

ભારત આઝાદ થયા પછી તો કવિતાકલાનો ઘણો વિકાસ થયો છે. તેની હરોળમાં આ અનુવાદ મૂલવવામાં મોટી ભૂલ થશે. વળી આ અનુવાદ કાવ્યજ્ઞ દ્વારા નથી થયો પણ પરાવાણીને સાક્ષાત્ અનુભવનાર દ્વારા થયો છે તે ખાસ ખ્યાલમાં રાખવું પડશે. તેમણે સહજ ભાવે પોતાની કલમને ચાલવા દીધી છે. અરવિંદ ઘોષ કહેતા કે કોઈ લખાવતું હોય તેમ મેં લખ્યા

કીધું છે. તેવો જ અનુભવ પૂજ્ય યોગેશ્વરજીનો પણ છે. છતાં તેને મઠારવાની આવશ્યકતા તો રહે જ છે તેથી તો અરવિંદ ઘોષે અગિયાર વાર સાવિત્રીની પ્રતોને સુધારી હતી. પૂજ્ય યોગેશ્વરજી પણ તેવું કરી શક્યા હોત ! ઈ.સ. ૧૯૪૯માં તૈયાર કરેલ પ્રત તેમણે એમને એમ રહેવા દીધી હતી. તેનું કારણ શું ? તેનો ખુલાસો 'પ્રકાશના પંથે'માં તેમણે કર્યો જ છે. સ્વ. જ્યોતીન્દ્ર દવેની સૂચના પર ટિપ્પણી કરતાં તેમણે સ્પષ્ટીકરણ કર્યું જ છે કે સર્જકને પાછળથી પોતાની કૃતિ છપાવવા જેવી ન પણ લાગે. બધું જ લખાણ પ્રગટ કરવાનો મોહ સર્જકે રાખવો જોઈએ નહીં. છતાં જ્યારે મેં આ પુસ્તકની પ્રત વાંચી હતી ત્યારે મેં તેમને મઠારવાનો આગ્રહ કર્યો હતો. તેના જવાબમાં તેમણે કહેલું કે રુચિ બદલાઈ ગયેલી હોવાથી હવે રસ નથી ! આવું અપ્રગટ સાહિત્ય તેમનું ઘણું છે. તે તમામ સત્ત્વશીલ તો છે જ. સાધકોને પ્રેરણાદાયી થઈ પડે તેવું પણ છે. લોકોપયોગી સાહિત્ય મોકો મળે તો પ્રગટ કરવું જ જોઈએ એવું લાગ્યું તેથી આ પુસ્તક પ્રગટ કરવાનું સાહસ કરવામાં આવ્યું છે. લોકોની પણ રુચિ બદલાતી ગઈ છે તેની ના કોનાથી પડાશે ? ટી.વી.ના આ જમાનામાં લોકોની વાંચનભૂખ પણ સાવ મંદ પડી ગઈ છે તેથી પણ આ કાર્ય સાહસ જ ગણાય. સાત્ત્વિક ને પ્રેરક સાહિત્ય પ્રગટ કરવાનું કાર્ય તેથી તો લોકસંગ્રહનું જ કાર્ય ગણાય છે. હજારોમાં એકાદને પણ તે ઉપયોગી થશે તો સાહસ સાર્થક ગણાશે. આ અનુવાદ સરળ, સરસ ને સચોટ બન્યો હોય તો પછી બીજું શું જોઈએ ?

**—શ્રી પરમાર્થી**



# ॥ સાધના માટેનું ત્રિવિધ સંયુક્ત સાધન ॥

**આ**ત્મિક વિકાસની સાધનાનું આલંબન લેનારે ત્રણ મહત્ત્વના મુદ્દાઓને ધ્યાનમાં રાખવાના છે. એ મુદ્દાઓ પ્રત્યે ઉપનિષદમાં વરસો પહેલાં અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે. પરંતુ આત્મિક વિકાસની સાધના કાંઈ કેવળ ઉપનિષદયુગ પૂરતી જ મર્યાદિત નથી હોતી. તે તો દેશ અને કાળથી પર હોઈ, પ્રત્યેક યુગમાં એકસરખી આવશ્યક અથવા આશીર્વાદરૂપ હોય છે. માટે જ શાસ્ત્રોની તત્ત્વજ્ઞાન કે સાધનાવિષયક વાણી આજે પણ એટલી જ અસરકારક સાબિત થાય છે અને ભવિષ્યમાં પણ સાબિત થશે.

ઉપનિષદની એ વાણી આરંભના અને આગળ વધી ચૂકેલા સઘળા સાધકોને માટે પ્રેરણાની સનાતન સામગ્રીરૂપ છે. એટલે એનો વિચાર આવકારદાયક છે. એમાં કહેવામાં આવ્યું છે કે જે સાધના અથવા આત્મિક વિકાસના અભ્યાસક્રમનું આલંબન લેવામાં આવે તે સાધના અથવા અભ્યાસક્રમનું સાંગોપાંગ જ્ઞાન અભ્યાસીને હોવું જોઈએ. સૌથી પહેલાં તો સાધના શાને માટે કરવામાં આવે છે તેનો નિશ્ચય કરી લેવો જોઈએ. પોતાની જાતને પ્રશ્ન પૂછવો જોઈએ કે જે સાધના કરવામાં આવે છે તે કોઈ લૌકિક કે પારલૌકિક હેતુની સિદ્ધિ કે સુખોપભોગને માટે તો નથી ? જે સાધના કરવામાં આવે તે સાધના કોઈ લૌકિક રાગદ્વેષ, વાસના, સ્વાર્થવૃત્તિ કે અહંતાથી પ્રેરાઈને ના થાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. તેની પાછળનો હેતુ એકમાત્ર આત્મવિકાસનો જ હોવો જોઈએ. એ ઉપરાંત, સાધના શાને માટે કરવાની છે, એની મારફત શું મેળવવાનું છે, એનો એટલે

કે પોતાના પ્રાપ્તવ્ય, ગંતવ્યસ્થાન, ધ્યેય કે આદર્શનો સ્પષ્ટ ખ્યાલ હોવો જોઈએ. એના સંબંધી કોઈ ભ્રાંતિ ન હોવી જોઈએ. પોતાના ધ્યેય કે આદર્શનો સ્પષ્ટ ખ્યાલ હશે તો સાધક એ ધ્યેયની પ્રાપ્તિ થતાં લગી, છેવટ સુધી પોતાની સફર ચાલુ રાખશે, કોઈ પ્રકારના પ્રલોભનમાં પડીને કે ભયસ્થાનમાં અટવાઈને અધવચ્ચે નહીં અટકી પડે, તથા કોઈ જાતની ભ્રાંતિનો શિકાર પણ નહીં બને.

સાધ્યની સ્પષ્ટતા એકવાર થઈ ગઈ એટલે પછી એની પ્રાપ્તિ માટેના સાધનોનો નિર્ણય પણ કરી લેવો જોઈએ. સાધકના મનમાં એ વિશે પણ કોઈ પ્રકારની અસ્પષ્ટતાનો અવકાશ ન રહે એ આવશ્યક છે.

એ બધી વિચારણાને સંક્ષેપમાં કહેવી હોય તો એમ કહી શકાય કે જે સાધના કરવામાં આવે તે સાધના સમજપૂર્વક એની પૂરતી માહિતી સાથે કરાવી જોઈએ.

સાધનાના અનુષ્ઠાનમાં બીજી આવશ્યક વસ્તુ શ્રદ્ધા છે. એ શ્રદ્ધા પોતાની અંદર હોવી જોઈએ, ગુરુમાં હોવી જોઈએ, ઈશ્વરમાં હોવી જોઈએ, અને પોતાના પસંદ કરેલા અભ્યાસક્રમમાં હોવી જોઈએ. એવી ચતુર્વિધ શ્રદ્ધા ન પ્રકટે ત્યાં સુધી સાધનાની સિદ્ધિ આકાશકુસુમવત્ અશક્ય જ બની રહે છે. શ્રદ્ધા વગરની સાધના પ્રાણવાન નથી બની શકતી, અને ધારેલું પરિણામ પણ પેદા નથી કરી શકતી.

સાધનાસંબંધી સ્પષ્ટ સમજ હોય, અને સાધના માટે ઉપર કહી તેવી જરૂરી ચતુર્વિધ શ્રદ્ધા પણ હોય, પરંતુ ભક્તિ ન હોય તો એને માટે સર્વસમર્પણ કરવાની અદમ્ય ઈચ્છાશક્તિ, ફના થઈ જવાની વૃત્તિ, કે પ્રબળ પુરુષાર્થપરતા ન હોય તો સાધના



ભાગ્યે જ સફળ થઈ શકે. સાધનાસંબંધી સ્પષ્ટ માર્ગદર્શન મેળવીને તથા શ્રદ્ધા પેદા કરીને એની સંસિદ્ધિના પ્રયાસમાં લગનપૂર્વક લાગી જવું જોઈએ. જેમણે પણ સિદ્ધિ મેળવી છે એમણે એવા એકધારા ઉત્સાહયુક્ત હિંમતપૂર્વકના પ્રયાસથી જ મેળવી છે. એટલા માટે એનો અનાદર કર્યે નહીં ચાલે.

આત્મિક વિકાસની સાધનામાં કે વ્યવહારિક કર્મની સિદ્ધિમાં, બંનેમાં, સમજ, શ્રદ્ધા તથા પુરુષાર્થના એવા ત્રિવિધ સંયુક્ત સાધનની આવશ્યકતા છે. એને જ લક્ષમાં રાખીને ઉપનિષદકારે પેલું સુંદર વાક્ય કહી બતાવ્યું છે કે यदेव विद्यया करोति श्रद्धयोपनिषदा तदेव वीर्यवत्तरं भवति। ‘જે જ્ઞાનપૂર્વક, શ્રદ્ધાસહિત, પુરુષાર્થી થઈને કરવામાં આવે છે તે જ વીર્યવાન કે સફળ બને છે.’ એ ત્રિવિધ સાધનસંપન્ન સાધક જ બળવાન બને છે.

આત્મિક સાધનાની વાતને બાજુએ રાખીને વિચારીએ તોપણ જીવનના કોઈપણ ક્ષેત્રમાં સફળતાપૂર્વક સુચારુરૂપે આગળ વધવા અને સફળ બનવા માટે એ સાધનોની એટલી જ આવશ્યકતા છે. એટલે કે જે કાર્ય કરવામાં આવે તે જ્ઞાન અથવા સમજપૂર્વક અદમ્ય આત્મવિશ્વાસથી અને સંપૂર્ણ શક્તિને કામે લગાડીને સમર્પણભાવથી કરવાની આવશ્કતા છે એવી રીતે કાર્ય કરવાથી સર્વ સિદ્ધિ દૂર નથી રહેતી.

**—શ્રી યોગેશ્વરજી**

**‘કહૈ કબીર એક ગુરુ કે શરન બિનુ,**
**કોઈ નહીં જગ મેં અપના.’**

## ॥ 'રામાયણદર્શન'-એક રસાસ્વાદ ॥

પૂજ્ય શ્રી યોગેશ્વરજી એક સરસ પ્રવચનકાર અને વિદ્વાન વક્તા તો છે જ, પણ તેથીયે વધારે તે એક રસપ્રચુર કવિ છે, દિવ્યતાના ગાયક છે, વિશ્વનાં પ્રકૃતિ-તત્ત્વોના સરોદોને સુણતા અને સુણાવતા એક રહસ્યવિદ્ મર્મી સંત છે.

૫૫૮ પૃષ્ઠમાં વિસ્તરી રહેલું તેમનું 'રામાયણદર્શન' આપણને ઉપરની ઉક્તિની સત્યતા સિદ્ધ કરી આપે છે. તે એક મૌલિક સર્જન છે. આદિ-કવિ વાલ્મીકિ રામાયણના મૂળ કવિ, ભક્ત-શિરોમણિ તુલસીદાસે તેમાંથી ભક્તિરસ પ્રાપ્ત કરીને 'માનસચરિત'માં રામાયણના ભવ્ય-મધુર, કરુણ ગાનને અદ્ભુત રીતે ગાયું. ગુજરાતીમાં ગિરધરકૃત રામાયણ લખાયું, જે આમ જનતા માટે સરળ લોકભોગ્ય કાવ્યમાં લખાયેલું છે, ત્યાર પછી આપણને પ્રાપ્ત થાય છે : પૂજ્ય શ્રી યોગેશ્વરજીનું 'રામાયણદર્શન'. તે એક મહાકાવ્ય છે. આધુનિક છંદોમાં લખાયેલું રામાયણદર્શન આપણને લેખક-કવિનું કાવ્યશાસ્ત્ર પરનું પ્રભુત્વ બતાવી આપે છે. તેમાં ક્યાંય છંદોભંગ થતો નથી. ભાષા, શિષ્ટ, સંસ્કારી અને છતાં સરળ છે.

તેનો પ્રારંભ થાય છે શૂર્પણખાના પ્રસંગથી. આ એક નાટ્યમય પ્રારંભ છે. રામની કથા જન્મથી શરૂ કરીને બધા પ્રસંગોમાં આલેખવા કરતાં, કવિ-લેખકે તે કથાનો પ્રારંભ શૂર્પણખા-પ્રસંગથી કર્યો છે. તેથી વાચકમાં રામ-લક્ષ્મણ-સીતા માટે વધુ જાણવાની પ્રબળ કુતૂહલવૃત્તિ, જિજ્ઞાસા જન્મે છે.



ત્યાર પહેલાંની આખી રામકથા અંતભાગમાં માતા કૌશલ્યાને મુખે વર્ણવાઈ છે. આ કાવ્યમાં કવિ લેખકે મંદોદરીના પાત્રને પૂર્ણ રીતે, અદ્ભુત રીતે વિકસાવ્યું, તેના સતી-વ્યક્તિત્વ પર કોઈ ઑર-વિલક્ષણ પ્રભા પાથરી છે. અશોકવાટિકામાં તે સીતાજીને અવારનવાર મળવા અને આશ્વાસન-સાંત્વના આપવા જાય છે. હનુમાન પ્રથમ લંકામાં ગયા પછી મંદોદરીને મળે છે. મંદોદરી પુષ્પક વિમાનમાં બેસી રામ-સીતા-લક્ષ્મણ તથા હનુમાન-વિભીષણ-સુગ્રીવ અંગદ સાથે અયોધ્યામાં જાય છે, અને રામના રાજ્યાભિષેકથી હર્ષ-પુલકિત બને છે, ભરત ઉર્મિલાના રામ પ્રત્યેના પ્રેમને તથા તેમના ત્યાગને જોઈ આશ્ચર્ય અનુભવે છે. આવી બાબતોમાં તે વાલ્મીકિ અને તુલસીદાસ કરતાં જુદા પડે છે, અને એક પ્રકારના અદ્ભુત-સાત્ત્વિક રસની ખૂબ જમાવટ કરી જાય છે.

બધા સર્ગોમાં જે જે પાત્રોનું તથા તેમની મનોદશાઓનું વર્ણન આવે છે, અથવા યુદ્ધની ભીષણતાનું વર્ણન આવે છે. ત્યાં પ્રકૃતિનાં દશ્યોનું વર્ણન તે તે પરિસ્થિતિની તથા મનોદશાની સુંદર, રસમય, કાવ્યમય પૃષ્ઠ-ભૂમિકા રચે છે. સંસારના સ્વભાવનું, માનવની પલ્ટાતી લાગણીઓનું તથા સ્થિતિઓનું વર્ણન કરવામાં પણ તે પ્રકૃતિનાં દશ્યોને પશ્ચાદભૂમાં વર્ણવી કોઈ ઑર ઓપ આપે છે. આ હકીકત એમને એક સુંદર પ્રકૃતિના કવિ, માનસશાસ્ત્રના કવિ, આધ્યાત્મિકતાના કવિ તરીકે આપણી સમક્ષ રજૂ કરે છે. અને તેમાં એ શ્લાઘનીય સફળતાને પ્રાપ્ત કરી શક્યા છે.

પહેલાંના બંને કવિઓએ (વાલ્મીકિએ તથા તુલસીદાસે) જે મહાન ત્યાગને અવર્ણનીય માની ઉર્મિલાના પાત્ર વિષે મૌન સેવ્યું છે, અથવા તો માત્ર અંગુલિનિર્દેશ જ કર્યો છે, તે મહાસતી તપસ્વિની ઉર્મિલાને મળતાં મંદોદરી કહે છે કે :—

**જાણી વિચારો તુજ શુદ્ધિગૂઢ**
**પ્રતીતિ પૂરી મુજને થઈ કે**
**શ્રી રામ, સૌમિત્ર તથા પવિત્રા**
**સીતા તણી પ્રેમ-પ્રશસ્તિ તો હતી**
**સુયોગ્યતાના તુજ અલ્પ અંશ ના**
**અબ્ધિતણી કેવળ વિચીમાળા**
**ના પુષ્પ કે ના મધુ-પુષ્પમાળા**
**પરંતુ બે-ચાર સુપત્ર પુષ્પનાં**

તે જ રીતે રામ મંદોદરીને ઉદ્દેશીને કહે છે કે :—

**રઘુનંદને જણાવ્યું "તારા સમી સ્ત્રી**
**પૃથિવીના પ્રવાસમાં મને ના મળી;**
**પ્રેમની પ્રતિમા શિવે તારા જીવને**
**કૃપા પરિપૂર્ણપણે ક્યારની કરી;**
**એ વિના પ્રજ્ઞાની આવી જ્યોતિ ના જલે,**
**આતમ આસક્ત બને વિષય મળે.**
**અભિનંદું પુનઃ પુનઃ પ્રેમથકી હું**
**બડભાગી બ્રહ્માંડમાં સાચેસાચ તું.**
**તારા સમી મહાદેવી પ્રેમ મૂર્તિની**
**પ્રશસ્તિ કરી શકાય મારા થકી શું ?"**



આ રીતે કવિ-લેખકે ઉર્મિલાનો તથા મંદોદરીનો બંને પ્રેમમયી દિવ્ય સતીઓના ગંભીર પ્રભાવને કાવ્યમય ચમત્કૃતિકર ઉઠાવ આપ્યો છે.

બીજું એક ધ્યાન ખેંચે તેવું લક્ષણ આ મહાકાવ્યનું એ છે કે તેમાં આશ્ચર્યજનક ચમત્કારોને ઝાઝું સ્થાન આપવામાં નથી આવ્યું, અને માનવ તેના વાંચન-મનનથી મહામાનવ બને એવો આશય રાખી કવિ-લેખકે માનવના ત્યાગનાં-પરાક્રમનાં-સેવાનાં-પ્રેમનાં-બલિદાનનાં મૂક સહિષ્ણુતાના-પ્રેમની મૌનમય મહત્તાનાં ગુણગાન મધુર ભાષામાં ગાયાં છે. રામ પૂર્ણ પરબ્રહ્મના અવતાર છે, પણ તેમ ન માનનાર તેમનામાં પરિપૂર્ણ વિકસેલી મહામાનવતાનાં દર્શન કરી જીવનને ઉન્નત બનાવે, સમાજને વિશુદ્ધ, જ્ઞાનમય, સુંદર, સુખમય બનાવવા કટિબદ્ધ બને; સ્ત્રીઓ-સીતા-ઉર્મિલા-મંદોદરી જેવી સતીઓના મહાચરિત્રને વાંચી તેમનું અનુકરણ જીવનમાં કરવા પ્રેરાય અને પોતાના કુટુંબને તથા સમાજને વૈકુંઠધામ સમાન બનાવી દે, તો કવિ-લેખકને પોતાનો પ્રેમ-પૂર્ણ પરિશ્રમ લેખે લાગ્યો એમ લાગશે.

જ્યારે સંગ્રામ પતી ગયા પછી વિભીષણ રામને કહે છે કે લંકાના ખજાનામાંથી તમારે માટે મરી ફીટવા તૈયાર રહેલા વાનર-નેતાઓને ભેટ-સોગાદો આપો, વસ્ત્રાભૂષણો પુરસ્કારરૂપે આપો, ત્યારે રામ આધુનિક રાજતંત્રોને ઉપદેશ આપતા હોય તેમ કહે છે કે :—

**રામે જણાવ્યું ''સઘળો ખજાનો**
**પ્રજાજનોનો નવ છે મહારો**
**તથા તમારો; તવ પારિતોષિકો**
**અર્પી શકું સુંદર એ મહીંથી.**
**એ તો ખજાનો હિતકાજ યોગ્ય**
**ભલે કરાતો ઉપયોગ સર્વદા,**
**સદ્ભાવના સાથ વળી કપાતા**
**અસંખ્ય કષ્ટો વિવિધ પ્રજાનાં''**

અનેક પાત્રો દ્વારા ખાસ કરીને મંદોદરીના મુખ દ્વારા કવિ-લેખક વારંવાર એક જ વસ્તુ પર ભાર મૂકે છે કે ''રામનું શરણ લીધા સિવાય સાચું સુખ અને અખંડ શાંતિ પ્રાપ્ત થતાં નથી. તે જ વિદ્વાન છે. શાસ્ત્રવેત્તા છે, વિવેકી છે, જ્ઞાની છે, તપસ્વી છે ભક્ત છે કે જેણે વિષય પદાર્થોને નશ્વર સમજી રામનાં ચરણ-કમળને ચિત્તમાં ધારણ કર્યા છે. તેમ થાય, તો જ અવિદ્યા ટળે, બધાં દુઃખોનો-શોકોનો અંત આવે, અને આ અમૂલ્ય માનવ-જીવન કૃતાર્થ બને'' હનુમાન, શબરી, સુગ્રીવ, વાલી, જટાયુ, ભરત, વિભીષણ પણ આ જ ભાવાર્થને દોહરાવે છે, અને રામ ચરણની સતત ભક્તિ સિવાય બીજું કશું વરદાન માગતા નથી.

આ મહાકાવ્ય ઉદાત્ત છે, ભવ્ય છે, સુમધુર છે, મંગલમય છે, નવેય રસોથી પ્રસન્ન છે. અને છતાં સામાન્ય માણસ પણ સમજી શકે તેવી સરલ વાણીમાં વહે છે, આવું જીવનને પ્રગતિને પંથે પ્રેરનાર, મનુષ્યજીવનને ધન્ય બનાવવા માટે અમૂલ્ય પ્રેરણા આપનાર મહાકાવ્ય ગુજરાતને આપવા બદલ



આપણે કવિ-લેખક શ્રી યોગેશ્વરજીનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. તેમણે અનેક ગ્રંથો અને કાવ્યો ગુજરાતને આપ્યાં છે, પણ આ મહાકાવ્ય તેમની મહામૂલી દેણ છે. તે ગદ્યના જેટલા સ્વામી છે તેટલા જ પદ્યના પણ સ્વામી છે. તે કળાસિદ્ધિના મૂળમાં તેમની માતબર આધ્યાત્મિકતા અને જનતાના મંગલની કામના રહેલી છે. તે એક સિદ્ધહસ્ત કવિ-લેખક છે; એટલે આપણે હજી આવા મહાકાવ્યોની અને આધ્યાત્મિક ગ્રંથ-રત્નોની અપેક્ષા તેમની પાસેથી જરૂર રાખી શકીએ; અને આપણી તે અપેક્ષા જરૂર પૂર્ણ થશે એવી અમને શ્રદ્ધા છે. તેમના પર પરમાત્માની અસીમ કૃપા વરસી રહી છે, અને જનતાને આધ્યાત્મિક માર્ગે વાળવાની તેમની કામના ખૂબ બળવાન છે; એટલે જરૂર હજી પણ આપણને તેમની પાસેથી હજી અનેક અમૂલ્ય કૃતિઓ સાંપડશે તે નિઃશંક છે.

અંતમાં ગુજરાતની સુજ્ઞ જનતા આ મહાકાવ્યનો પૂરેપૂરો લાભ ઊઠાવે અને પોતાના જીવનને કૃતાર્થ કરે, પોતાની માનવતાને દીપાવે એવી અમે પત્મકૃપાળુ પરમાત્માને સાચા હૃદયથી પ્રાર્થના કરીએ છીએ.

**–શ્રી શાંતિલાલ ઠાકર**

'That man who is active in the world and yet remains desireless without losing sight of his own essential nature, is alone a true man.'

## ॥ શ્રી યોગેશ્વરજીનું વિરાટ વિશ્વદર્શન ॥

'ગીતાદર્શન' મહાત્મા શ્રી યોગેશ્વરજી દ્વારા સ્વાનુભવમાંથી તારવીને આર્યસંસ્કૃતિના મહાન ગ્રંથ 'શ્રીમદ્ ભગવદ્ગીતા'નો સરળ ભાષામાં વિસ્તૃત મર્મ પ્રગટ કરતી ટીકા છે. ઈ.સ. ૨૦૦૭માં લગભગ ૭૦૦ પૃષ્ઠના આ ગ્રંથની સાતમી આવૃત્તિ પ્રગટ થઈ હતી જે તેની ઉપયોગિતા અને લોકપ્રિયતાની સૂચક ગણી શકાય. પુસ્તકની સંક્ષિપ્ત પ્રસ્તાવનામાં શ્રી યોગેશ્વરજીએ લખ્યું છે, "મોટા મોટા વિદ્વાનોની બુદ્ધિની કસોટી કરનારો, સાક્ષરોની મતિને પણ મૂંઝવનારો અને ચિંતકોને ચકિત કરી નાંખનારો, શ્રીમદ્ ભગવદ્ગીતાનો અસાધારણ ગ્રંથ ક્યાં ? અને ક્યાં મારી છેક સીમિત શક્તિ અને બુદ્ધિ? એના વિચારસાગરમાં અવગાહન કરવાનું કાર્ય કઠિન હોવા છતાં પણ, પરમાત્માની પરમ કૃપાથી સરળતાપૂર્વક સમાપ્ત કરી શકાયું છે. ગીતાના પ્રેમી રસિક જિજ્ઞાસુજનોને એ સહેજ પણ સંતોષ આપી શકશે તો મારા પરિશ્રમને સફળ અને સાર્થક સમજીશ."

મહાત્માજીએ પ્રસ્તાવનામાં પ્રગટ કરેલો ભાવ પુસ્તકમાં પણ પુનરાવૃત કર્યો છે. સાતમાં અધ્યાયની ચર્ચા દરમિયાન તેઓ 'એક અંજલિ' શીર્ષક અંતર્ગત લખે છે, "શ્રી શંકરાચાર્ય ભગવાનની ટીકા તો સુંદર છે જ, પણ બીજા મહાપુરુષોએ ગીતા પર જે જુદી જુદી ટીકા કરી છે તે પણ સુંદર જ છે. તેમાંયે પંદર વરસની છેક નાની વયમાં જ્ઞાનેશ્વરી જેવી મહાન ટીકા કરનાર સંત જ્ઞાનેશ્વરની ટીકા ખૂબ જ સુંદર ને સરસ છે. આજ સુધી



લખાયેલી ગીતાની આવી કેટલીય ટીકાઓ ને વિચારણાઓની આગળ મારી વિચારણા શું વિસાતમાં ? છતાં પણ તેથી મને પોતાને લાભ થાય છે ને તેની પાછળ સંતો ને સંતોના સ્વામી પરમાત્માની પ્રેરણા ને શક્તિ છે. માટે જ આ કામ હું પ્રેમથી કરી રહ્યો છું. માની છત્રછાયામાં બાળક જેમ નિર્ભય રહે ને ફરે, તેમ હું પણ તેમની છાયામાં નિર્ભય છું." (પૃ.૨૩૧)

મહાત્મા શ્રી યોગેશ્વરજી ઉપનિષદો, બ્રહ્મસૂત્ર વગેરે શાસ્ત્રોમાં ઊંડા અભ્યાસી હતા અને તેમણે હિમાલયમાં વીસેક વર્ષ આકરી તપશ્ચર્યા કરી હતી અને આત્મજ્ઞાન લાધ્યા પછી જ જનહિતાર્થે એમણે આ અને આવા અનેક ગ્રંથો રચ્યા હતા. તેમ છતાં તેમને જરા પણ અભિમાન ન હતું એ અહીં અને ગ્રંથમાં અનેક સ્થળે જોવા મળે છે. આ ગ્રંથમાં અને એમણે રચેલા અન્ય ગ્રંથોમાં પણ તેમના સ્વાનુભવનો રણકાર સાંભળી શકાય છે. એને લીધે એમના શબ્દો માત્ર મસ્તિષ્કને નહીં, હૃદયને પણ સ્પર્શે છે. ગીતાના સાતસો શ્લોકની સમજ તેમણે ડેમી સાઈઝના સાતસો પૃષ્ઠોમાં આપી છે પણ પરંપરાગત ટીકાઓની પેઠે તેમણે મૂળ શ્લોક લઈ, તેનો અનુવાદ આપીને પછી તેના પર ટીકા નથી લખી. શ્રી યોગેશ્વરજીએ પોતે ગીતાનો ગુજરાતીમાં સરળ કાવ્યાનુવાદ કર્યો છે જે ભાવકને સરળતાથી ગીતાનો ગૂઢ અર્થ સમજાવે છે, તેથી તેમણે સાર્થ કરીને જ તે પુસ્તકનું નામ 'સરળ ગીતા' રાખ્યું છે. પરંતુ આ ગ્રંથમાં ન તો તેમણે મૂળ સંસ્કૃત શ્લોકો આપ્યા છે, ન પોતાનો સરળ અનુવાદ. આ ગ્રંથનો વાચક મૂળ ગીતા અને એના ભાવાર્થથી પરિચિત હશે જ એમ માની તેમણે વિનોબા ભાવેના 'ગીતા પ્રવચનો'ની પૅટર્ન પ્રમાણે

એક એક અધ્યાય લઈ તેમાં આલેખાયેલા મુખ્ય મુદ્દાઓની છણાવટ સમુચિત દૃષ્ટાંતો સહિત સામાન્ય વ્યક્તિ પણ સહજ રીતે સમજી શકે એ પ્રમાણે કરી છે.

ગીતાના પહેલા અધ્યાયની ટીકા મહાત્માજીએ તેર મુદ્દાઓને કેન્દ્રમાં રાખી કરી છે. પ્રથમ મુદ્દો છે 'ગીતાનું સંગીત' અને બીજો મુદ્દો છે 'ગીતાના સંગીતનું આકર્ષણ.' તેમના મતે ગીતાનો ગ્રંથ સંગીતમય ગ્રંથ છે અને તેના પ્રત્યેક વિચાર ને શબ્દેશબ્દમાં સંગીત છે. એ સંગીતના આકર્ષણનો આપણને અનુભવ કરાવી 'ગીતાઃ ભગવાન શ્રીકૃષ્ણનું હૃદય' છે એમ કહી તેઓ 'ગીતાનો રસ અક્ષય' છે એ સમજાવે છે અને અવિનાશી ગીતાની અમૃતગંગામાં સ્નાન કરવા આપણને આમંત્રે છે. એક 'કઠિયારાની વાત' કહી તેઓ ભાવકને 'વિચાર સાથે અમલ કે વર્તનની પણ જરૂર છે' (પૃ.૩૪) એ સત્ય સમજાવે છે. ત્યારબાદ તેઓ આપણને 'મહાભારતના મેદાનમાં' લઈ જઈ 'અર્જુન અને દુર્યોધન'નો પરિચય કરાવે છે અને ગીતામાં નિરૂપિત પ્રસંગ નાનો હોવા છતાં એનું રહસ્ય મોટું છે એ સ્પષ્ટ કરી 'ધર્મને વળગી રહેવાની જરૂર' પર ભાર મૂકે છે અને અંતે 'ગીતાના ઉપદેશની જરૂર શા માટે ?' છે એ મુદ્દા સાથે પ્રથમ અધ્યાયની ટીકા પૂરી કરે છે.

ગીતાના અઢાર અધ્યાયમાં બીજો અધ્યાય મહત્ત્વનો છે. મહાત્માજી અઢાર મુદ્દાઓને આધારે તેની ટીકા લખે છે. પ્રથમ અધ્યાયમાં આવેલ 'વિષાદનો પ્રસંગ' આપણી આગળ 'અર્જુનનું હૃદય' કેવી રીતે ખોલી આપે છે એ દર્શાવી તેઓ 'વ્યવહારમાં જ્ઞાન મળે કે નહીં' એ મુદ્દાની ચર્ચા કરી પછીના



ચાર મુદ્દાઓમાં 'મૃત્યુનો ભય' શું છે, 'મૃત્યુનો લાભ-નવજીવનની પ્રાપ્તિ'માં કેવી રીતે છે, 'મૃત્યુને (કેવી રીતે) જીતી શકાય છે' એ સમજાવી આપણને કહે છે, 'મૃત્યુના ભયમાંથી મુક્તિ મેળવો.' અલબત્ત એ માટે 'શરીરની ક્ષુદ્રતા (અને) આત્માની અમરતા' અનુભવી પડે. એમ થાય તો મોહ શું છે એ અને 'મૃત્યુનો શોક નકામો છે' એ સમજાય. એ પછી મહાત્માજી 'સ્વધર્મની વિચારણા' કરી 'સ્વધર્મની શિક્ષા' આપે છે અને 'કર્મની કુશળતા' એટલે શું એ સ્પષ્ટ કરી 'સ્થિતપ્રજ્ઞ પુરુષની ઓળખાણ' કરાવે છે અર્થાત્ 'મહાપુરુષની ઓળખાણ' કરાવી આપણને 'મહાનતાનો માર્ગ' બતાવે છે. અંતે 'સ્થિતપ્રજ્ઞને મોહ કે પતન નથી' એ દર્શાવી તેઓ 'સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોનો ભાવાર્થ' સરળ શબ્દોમાં સમજાવે છે.

ત્રીજા અધ્યાયની ચર્ચા બાવીસ મુદ્દાઓમાં વિસ્તરી છે. 'ત્રીજા અધ્યાયની શરૂઆત ને તેનું કારણ' દર્શાવી મહાત્માજી 'અર્જુનની જિજ્ઞાસાઃ જ્ઞાન મોટું કે કર્મ ?' અને 'ભગવાનનો ઉત્તર'-'જ્ઞાન ને કર્મ કે ત્યાગ ને કર્મનો સંબંધઃ સિદ્ધિ માટે કર્મ જરૂરી છે', 'કર્મ વિના કોઈ રહી શકતું નથી', 'કર્મનો યોગ', 'કર્મમાં યજ્ઞની ભાવના', 'યજ્ઞની વિચારણા', 'રોજનાં કર્મોમાં યજ્ઞની ભાવના', 'કર્મની જરૂર', 'જ્ઞાની અને અજ્ઞાનીના કર્મમાં ફેર', 'સ્વધર્મનું પાલન કલ્યાણકારક છે' વિસ્તારથી સદૃષ્ટાંત સમજાવે છે. તેમણે 'વિવેકાનંદ ને વેશ્યાનો પ્રસંગ' પણ અહીં ઉદ્ધૃત કર્યો છે અને 'સંયમની સમજઃ (આપી) મિથ્યાચારમાંથી બચો' એમ કહી અંતે સાધકોને 'જીવનના ઘડતરમાં લાગી જાવ' એવું આહ્વાન પણ કર્યું છે.

ચોથા અને પાંચમાં અધ્યાયોની ચર્ચા પંદર-પંદર મુદ્દાઓમાં સમેટાઈ છે. અહીં યોગેશ્વરજી 'કર્મયોગની પુરાણી પરંપરા' પર પ્રકાશ પાડી 'કર્મયોગનું રહસ્ય' ઉદ્ઘાટિત કરે છે. 'જીવન અનંત છે' અને 'જીવન સતત છે' એ સ્પષ્ટ કરી તેઓ દર્શાવે છે કે 'પૂર્વજન્મનું જ્ઞાન થઈ શકે છે.' 'ઈશ્વરનો અવતાર' શું છે એ સમજાવી તેઓ 'ઈશ્વરના અવતારનું કારણ ને રહસ્ય' અનાવૃત્ત કરે છે. પછીના ચાર મુદ્દાઓમાં તેઓ 'કર્મ ને અકર્મની સમજઃ કર્મમાં અકર્મનું દર્શન', 'કર્મમાં અકર્મ', 'અકર્મમાં કર્મનું દર્શન' કરાવી 'કર્મની ગતિ ગહન છે' એ સત્યનો સાક્ષાત્કાર કરાવે છે. છેલ્લા ચાર મુદ્દાઓમાં 'સાચો પંડિત કોણ ?' એ સ્પષ્ટ કરી તેઓ 'જ્ઞાનનો યજ્ઞ આવશ્યક છે' એમ કહે છે અને 'જ્ઞાન માટે જરૂરી વાતો' કહી અંતે 'જ્ઞાનનો મહિમા' પ્રદર્શિત કરે છે. પાંચમા અધ્યાયની 'શરૂઆત'માં 'સંન્યાસની ઉપેક્ષા નકામી છે' એ મુદ્દા પર ભાર મૂકી મહાત્માજી 'કર્મયોગ પણ જરૂરી છે' એમ કહી કર્મસંન્યાસથી કર્મયોગ શ્રેષ્ઠ કેવી રીતે છે એ સ્પષ્ટ કરી 'સાચો સંન્યાસી કે ત્યાગી ?' એ પ્રશ્નની ચર્ચા કરે છે. 'ત્યાગી અને વેરઝેર', 'ત્યાગી ને સ્ત્રી' તથા 'ત્યાગ ને કર્મ સંકળાયેલાં છે' એ મુદ્દાઓ ત્યાગી પર કેન્દ્રિત છે. 'સંન્યાસ કે ત્યાગ સહેલો નથી' એ સમજાવી તેઓ 'કર્મયોગીની દશા' દર્શાવે છે. 'જીવનમાં શ્રેયનું કામ' શું છે એ સ્પષ્ટ કરી તેઓ 'મોહનું કારણ અજ્ઞાન છે' એમ ભારપૂર્વક કહે છે. અંતમાં 'મોહ દૂર થતાં સમતા આવે છે', 'જિતેન્દ્રિય થઈ શકાય છે' એ મુદ્દાઓ સ્પષ્ટ કરી તેઓ 'સુખ કે શાંતિને મેળવવાનો માર્ગ' ચીંધે છે.

ગીતાનો છઠ્ઠો અધ્યાય 'આત્મસંયમયોગ' છે. મહાત્માજીએ



તેવીસ મુદ્દાઓમાં તેની ટીકા લખી છે. પ્રારંભે જ તેઓ કહે છે કે 'પંડિતો પણ મોહમાં રમે છે.' પછી તેઓ 'સાચા સંન્યાસનો વિચાર' વિગતે કરે છે. દૃષ્ટાંત લેખે તેઓ 'દંડીસ્વામીની વાત' કરે છે અને 'ઋષિકેશના એક બીજા સંન્યાસીની વાત' પણ કહે છે. 'કાર્ય કર્મ એટલે શું ?' એ સ્પષ્ટ કરી તેઓ દર્શાવે છે કે 'સંન્યાસી કે યોગી કાર્ય કર્મ કરે છે.' 'સંન્યાસ ને યોગ એક છે' એ મુદ્દા પર ભાર મૂકી તેઓ 'સાધનામાં કર્મ જરૂરી છે' એ સ્પષ્ટ કરી 'બે જાતની સાધના ને યોગારૂઢદશા' શું છે એ સમજાવે છે. પછી તેઓ 'યોગારૂઢ પુરુષનાં લક્ષણ' દર્શાવી 'એકાંતની આવશ્યકતા' સાધનામાં શા માટે છે એ સ્પષ્ટ કરી 'મનની સ્થિરતા સાધનાથી થઈ શકે છે' એ દર્શાવે છે. 'આહારવિહારના નિયમ વિશે' વાત કરી તેઓ 'યોગનો વિચાર' કરે છે અને 'અભ્યાસ ને વૈરાગ્ય' હોય તો 'મનને વશ કરવાનું કામ સહેલું છે' એ સ્પષ્ટ કરી તેઓ 'સાધનાથી જ શાંતિ મળે છે' એમ કહી સાધકને 'યોગભ્રષ્ટ વિશે' સાવધ કરી અનુરોધ કરે છે : 'યોગી થાવ.'

સાતમા અધ્યાય 'જ્ઞાનવિજ્ઞાનયોગ'ની ટીકા ઓગણીસ મુદ્દાઓને આધારે કરી છે. આરંભમાં જ મહાત્માજી 'ઈશ્વરદર્શનનો સમય ચોક્કસ નથી' એ સ્પષ્ટ કરી 'બે પ્રકારની પ્રકૃતિ'નો પરિચય કરાવે છે. પછી 'માયાનો પ્રભાવ' પ્રગટ કરી તેઓ 'માયાને તરવાનો ઉપાયઃ ભક્તિ' છે એ સમજાવી ભક્તને કહે છે : 'ભગવાનના થઈ જાઓ' અને 'નિર્ભય બનો.' માયાથી ત્રસ્ત સાધકને મહાત્માજી સ્પષ્ટ શબ્દોમાં સંભળાવે છે. 'માયાને તમે જ પકડી છે.' પછી 'ગીતાના શરણથી પણ માયાને તરાય

છે' એ રસ્તો બતાવી તેઓ તેમની પાસે આવતા જુદા જુદા માણસો વિશે, ખાસ તો 'સારા ને નરસા માણસો વિષે' વિગતે વાત કરી ચાર જાતના ભક્તો-જ્ઞાની, જિજ્ઞાસુ, આર્ત વગેરેનો પરિચય કરાવતાં 'જ્ઞાની ભક્ત સૌથી ઉત્તમ છે' એમ કહી ભાવકોને અનુરોધ કરે છે : 'કામનાવાળા ભક્તોનો તિરસ્કાર ના કરો.' 'જ્ઞાની ને પૂર્ણ ભક્ત મહાત્મા ખૂબ દુર્લભ છે' એ જાણનાર મહાત્માજી અંતે પ્રાર્થના કરે છે : 'પ્રભુ આપણને પ્રેરણા ને પ્રકાશ આપે.'

આઠમા અધ્યાય 'અક્ષરબ્રહ્મયોગ'નો આરંભ 'અર્જુનની જિજ્ઞાસા'થી થયો છે. મનુષ્યના 'અંતકાળની વાત' પણ પરમેશ્વરે અહીં કરી છે. એના અનુસંધાનમાં મહાત્માજી ભારપૂર્વક કહે છે : 'અંતકાળ પર આધાર રાખવાનું છોડી દો', 'બાળપણથી જ પ્રભુસ્મરણની ટેવ પાડો.' 'જન્મમરણમાંથી છૂટવા પ્રભુપ્રાપ્તિ જ ઉપાય છે.' 'અનન્ય ભક્તિથી ભગવાન મળે છે' અને 'બધા જ સમયે યોગમુક્ત થવાની જરૂર' છે. 'બે જાતની ગતિ' પર પણ તેઓ પ્રકાશ પાડે છે અને 'ઓમકારથી પરમ ગતિ મળે છે' એમ પણ કહે છે. તેમના મતે 'યુગની ચિંતા નકામી છે' પણ 'કાયાપલટ કરવાની જરૂર' તો છે જ. 'જન્મમરણ વિષે બે વિચારો' તેમણે વ્યક્ત કર્યા છે અને 'શરીર છોડવાનો વિધિ' પણ સમજાવ્યો છે.

નવમા અધ્યાય 'રાજવિદ્યારાજગુહ્યયોગ'ની ચર્ચા એકવીસ મુદ્દાઓમાં વિસ્તરી છે. શીર્ષકની ચર્ચા કર્યા પહેલાં તેઓ 'સત્સંગની જરૂર' જણાવી 'જ્ઞાનનો પ્રભાવ' પ્રગટ કરે છે અને 'પ્રભુશરણની શક્તિ' દર્શાવી 'કર્મ કરતાં નિર્લેપ રહેવાની



જરૂર' પર ભાર મૂકે છે. 'ભક્તે ઉદાર થવું જોઈએ' એમ કહી તેઓ 'સ્વભાવનો સુધાર' કેવી રીતે થાય એ સમજાવે છે. 'મહાપુરુષો સદા ભગવાનને ભજે છે' અને 'ભગવાન ભક્તોનાં યોગક્ષેમ ચલાવે છે' એ બાબત સ્પષ્ટ કરી તેઓ 'હિમાલયના એક મહાત્માની વાત' વર્ણવે છે. 'ભગવાનની કૃપા' સદા વરસતી હોય છે એટલું જ નહીં 'ભક્તોને ભગવાન પોતાનો મેળાપ પણ કરાવે છે' એ દર્શાવી મહાત્માજી સ્વાનુભવથી સાધકોને સધિયારો આપતાં કહે છે કે 'સમર્થ સંતો પણ ભક્તોને મદદ કરે છે.' 'જીવનનું મંગલ' ઇચ્છતા ભક્તોને અંતે તેઓ સમજાવે છે કે 'ભગવાન પક્ષપાતી નથી' અને 'ભગવાનનું મંદિર સૌને માટે ખુલ્લું છે' તેથી 'બધું ભગવાનને અર્પણ કરો' તથા 'જીવનને ભગવાનમય કરી દો.'

દસમા અધ્યાય 'વિભૂતિયોગ'ના આરંભે 'બે જરૂરી વાતો' કરી મહાત્માજી 'પ્રભુની કૃપા ક્યારે થાય ?' એ બતાવે છે અને 'ભક્તોએ જ્ઞાનની ચિંતા કરવાની જરૂર નથી' એમ જણાવી 'ભગવાનને જાણવાથી બધું જણાઈ જાય છે' એ સ્પષ્ટ કરે છે. 'ભગવાનમાં આસક્ત બનો' એવો ભક્તોને અનુરોધ કરી તેઓ 'વિભૂતિદર્શનની રીત' બતાવે છે : 'પાસેના પદાર્થોમાં પ્રભુદર્શન કરો' અને 'દૂરની વસ્તુમાં (પણ) પ્રભુદર્શન' કરો. 'પ્રભુ બધામાં છે' એ હકીકત તેઓ સૂર્ય, ચંદ્ર, શંકર ને સાગર, હિમાલય ને ગંગા, વસંત ઋતુ ને સંધ્યા, હરણ, મોર, વરસાદ, સિંહ વગેરેનાં દૃષ્ટાંતો દ્વારા સુપેરે સમજાવે છે. અગિયારમા અધ્યાયનું તો શીર્ષક જ છે 'વિશ્વરૂપદર્શનયોગ.' આ અધ્યાયમાં ભગવાન 'વિશ્વરૂપદર્શનની અર્જુનની ઇચ્છા' તેને 'દિવ્યચક્ષુનું

દાન' કરી પોતાના 'વિરાટ રૂપનું દર્શન' કરાવી કેવી રીતે પૂરી કરે છે એ દર્શાવતાં પૂર્વે મહાત્માજી 'કૃપાકટાક્ષની કિંમત ઘણી ભારે છે' એ પણ સ્પષ્ટ કરી દે છે. 'અર્જુનના ભયનું કારણ' દર્શાવી તેઓ આપણને આશ્વસ્ત કરતાં કહે છે, 'બધાંએ ભયભીત થવાની જરૂર નથી.' સહુને 'સુંદર સ્વરૂપ વધારે ગમે છે' એમ કહી 'વિશ્વના રૂપમાં ભગવાનનું દર્શન' કેવી રીતે કરવું તે તેઓ 'ભગવાનની ઉપદેશવાણી' દ્વારા 'અર્જુનની પ્રાર્થનાનો બોધપાઠ' આપી સ્પષ્ટ કરે છે. 'એક બીજો મહત્ત્વનો સંદેશ' આપી તેઓ અધ્યાય પૂરો કરે છે.

વીસ શ્લોકના સૌથી નાના બારમા અધ્યાય 'ભક્તિયોગ'ની છણાવટ મહાત્માજી 'કાકભુશુંડજી ને લોમેશ મુનિની વાત' થી શરૂ કરી 'ઈશ્વરનું સાક્ષાત્ દર્શન થઈ શકે છે' એમ કહ્યા પછી પણ 'સાકાર માર્ગ પણ સહેલો નથી' એવી ચેતવણી સાથે 'મનને ઈન્દ્રિયોના સંયમની જરૂર' પર ભાર મૂકી 'પોતાનો સુધાર પોતાના હાથમાં' છે એ સમજાવે છે. 'ભક્તિ શૂરવીરની છે' એમ કહી તેઓ 'ભક્તોનાં લક્ષણ' દર્શાવે છે અને આપણને આશ્વસ્ત કરતાં કહે છે કે 'ભગવાન ભક્તોને રક્ષે છે ને તારે છે' એટલું જ નહીં 'ભક્તોનાં બધાં દુઃખ ભગવાન દૂર કરે છે.' અંતમાં 'હરિદાસની વાત' કહી તેઓ 'ભક્તોનાં બીજાં લક્ષણો' પણ દર્શાવે છે. તેરમા અધ્યાયની ચર્ચા કરતાં શ્રી યોગેશ્વરજી 'નામજપન ક્યોં છોડ દિયા?' એવો પ્રશ્ન પૂછી 'સાધનામાં પથ્યની જરૂર' અને 'અનુભવની જરૂર' શા માટે છે એ 'સદાશિવ બ્રહ્મની વાત' અને 'રમણ મહર્ષિની વાત' કરી સ્પષ્ટ કરે છે. 'જ્ઞાન માટે નમ્રતા જરૂરી' છે એમ કહી તેઓ 'સરળતા, ગુરુસેવા



વગેરે'ની આવશ્યકતા ચીંધી 'જ્ઞાનનાં મહાવાક્યો'ની સમજ આપે છે અને 'સાચો જ્ઞાની' કેવો હોય એ કહી 'જ્ઞાનની સફળતા' કેવી રીતે થાય એ પણ સમજાવે છે. ચૌદમા અધ્યાયમાં તેઓ 'જ્ઞાનીનું જીવન' કેવું હોય એ કહેતાં પહેલાં 'જ્ઞાની અને રાજયોગી'ની તુલના કરી 'જ્ઞાની મહાપુરુષ'નો પરિચય કરાવે છે. અંતમાં 'ગુણાતીત દશા' એટલે શું એ સ્પષ્ટ કરી તેઓ 'ગુણાતીત પુરુષનાં લક્ષણ' દર્શાવી 'ગુણાતીત થવાના ઉપાય' જણાવે છે અને 'ગુણાતીત પુરુષો વિશે' વાત કરી સમાપન કરે છે.

પંદરમો અધ્યાય 'પુરુષોત્તમ યોગ' પણ વીસ શ્લોકનો છે પણ તેની ચર્ચા અઢાર મુદ્દાઓમાં કરી છે. પ્રારંભમાં જ 'રોટીનો પ્રશ્ન' હાથમાં લઈ તેઓ 'ત્રણે તાપમાં પ્રબળ તાપ ક્યો?' 'સંસાર અવિનાશી કેમ?', 'સાચો જ્ઞાની કોણ?' જેવા પ્રશ્નોની છણાવટ કરે છે. 'સંસારરૂપી પીપળો' શું છે એ સ્પષ્ટ કરી તેઓ 'પરમપદ'ની સમજ આપી 'પરમપદની પ્રાપ્તિનો ઉપાય' પણ દર્શાવે છે. 'જીવ અને શિવ'ની સમજ આપી તેઓ 'પરમપદની પ્રાપ્તિ' માટે 'ચારિત્ર્યશુદ્ધિની જરૂર' જણાવે છે. 'જઠરાગ્નિરૂપે પ્રભુ' રહેલો છે એ પ્રગટ કરી 'ભગવાન સૌના હૃદયમાં છે' એ તેઓ સમજાવે છે અને 'પરમાત્માને જાણવો અને પામવો' એટલે શું એ સ્પષ્ટ કરી તેઓ 'પુરુષોત્તમ યોગ' પૂર્ણ કરે છે.

સોળમો અધ્યાય દૈવી અને આસુરી સંપત્તિની ચર્ચાને સમર્પિત છે. અહીં મહાત્માજી આરંભમાં 'અભય વિશે' અને 'કલ્પિત ભયની વાત' કરી 'પવિત્રતાની વાત' છેડે છે. એ સંદર્ભમાં તેઓ 'એક બહેનની વાત' કરે છે અને 'માતાજીનો

પ્રસંગ' પણ વર્ણવે છે. પછી 'નિર્ભયતાને કેળવવાના ઉપાય' દર્શાવી તેઓ 'સત્ત્વસંશુદ્ધિ', 'મન ને ઈન્દ્રિયોનો સંયમ', 'દાન ને યજ્ઞ', 'અહિંસા', હિંસા ને માંસાહાર, 'શોખની હિંસા : શિકાર,' 'ગાય ને બીજા પશુની હિંસા' વગેરેની ચર્ચા કરી 'દૈવી સંપત્તિવાળાનાં બીજાં લક્ષણ' ઉલ્લેખી 'જીવનની ઉન્નતિ માટે દૈવી સંપત્તિની જરૂર' પર ભાર મૂકી '૧૬મા અધ્યાયનું મહત્ત્વ' દર્શાવે છે અને 'નરકના ત્રણ દ્વાર' 'કામ, ક્રોધ, લોભનો ત્યાગ' કરવાનું કહી આપણને કહે છે : 'સંત ને શાસ્ત્રની સહાયથી આગળ વધીએ.'

અઠ્ઠાવીસ શ્લોકવાળા સત્તરમા અધ્યાય 'શ્રદ્ધાત્રય વિભાગયોગ'ની ચર્ચા સત્તાવીસ મુદ્દાઓમાં કરી છે. 'વિજય માટે પુરુષાર્થ કરવાની જરૂર' જણાવી મહાત્માજી 'અધ્યાયની શરૂઆતનો પ્રશ્ન' ચર્ચે છે. પછી 'શ્રદ્ધાભેદ' સ્પષ્ટ કરી 'શ્રદ્ધા પ્રમાણે ઉપાસના' કરવા 'સમજપૂર્વક પસંદગી' કરવા કહે છે. 'આસુરી સાધના કે ઉપાસના', 'આસુરી વૃત્તિના બીજા પ્રકાર' સમજાવવા માટે તેઓ 'ત્રણ જાતનો ખોરાક' કયો છે એ દર્શાવી 'અનીતિનો ખોરાક પાપરૂપ' છે એ સમજાવે છે. 'રાજસ ખોરાકનો વિચાર' કરી તેઓ 'તામસ ખોરાક, એઠું ખાવા ખવડાવવાની ખરાબ ટેવ' અને 'સંતનું ઉચ્છિષ્ટ ખાવાની ખરાબ ટેવ' સામે લાલબત્તી ધરે છે. 'આહારથી આયુષ્ય વધે છે?' એ પ્રશ્નની ચર્ચા કરી તેઓ 'ત્રણ પ્રકારનો યજ્ઞ', 'વાણીનું તપ', 'માનસિક તપઃ પ્રસન્નતા', 'દાનની ભાવના' વગેરેની વિગતે છણાવટ કરી અંતે 'શ્રદ્ધાની જરૂર' પર ફોકસ કરે છે.

ગીતાના અંતિમ પડાવરૂપ અઢારમા અધ્યાય 'મોક્ષ સંન્યાસ



યોગ'ની છણાવટ અઠ્ઠાવીસ મુદ્દાઓને આધારે કરવામાં આવી છે. આરંભમાં જ શ્રી યોગેશ્વરજી આપણને આદેશ આપે છે : 'મહેનત કરીને જીવનને ઉજ્જવલ કરો.' પછી તેઓ 'બદરીનાથની યાત્રાની યાદ' તાજી કરી 'કર્મ ને કર્મનો ત્યાગ', 'કર્મ કરવાની કળા', 'કર્મફળનો ત્યાગ કરે તે જ ત્યાગી', 'કર્મની સિદ્ધિ માટેનાં પાંચ કારણો', 'રસોઈની વાત', 'ખેતીની વાત', 'જ્ઞાનની વાત', 'કર્મનું રહસ્ય', 'સાત્ત્વિક સુખ', 'રાજસ સુખ', 'તામસ સુખ', 'ચાર વર્ણનાં કર્મ', 'દોષમય કર્મ' વગેરે વિશે વિસ્તારપૂર્વક સમજાવે છે. 'સંતો કે ભક્તોનું ભણતર' કેવું હોય, 'મહાપુરુષોની જ્ઞાનમય પ્રવૃત્તિ' કેવી હોય એ દર્શાવી અંતમાં તેઓ 'ભગવાનનો આદેશ' શું છે એ સ્પષ્ટ કરી 'ઈશ્વર સૌના રક્ષક છે' એ આશ્વાસન આપી 'ગુહ્યમાં ગુહ્ય વાત' અને 'અધિકારની વાત' કરી 'ગીતાની અસર' શું છે એ પ્રગટ કરી 'પ્રણામ ને પૂર્ણાહુતિ' કરે છે.

આ રીતે શ્રી યોગેશ્વરજીએ 'ગીતાદર્શન' નિમિત્તે વાસ્તવમાં વિરાટ વિશ્વદર્શન કરાવ્યું છે અને જીવન, જગત, જીવ-શિવ વગેરે વિશે વિસ્તારથી વિચારવિમર્શ કર્યો છે. તેમની ચર્ચા કેવળ તાત્ત્વિક ન રહેતાં વ્યવહારિક વિશેષ છે અને સાંપ્રત સમયની સમકાલીન સાધકોની સમસ્યાઓ પર કેન્દ્રિત છે; એને લીધે ગીતાની ગાંધીજી, વિનોબાજી, શ્રી અરવિંદ, લોકમાન્ય ટિળક વગેરે મહાનુભાવોની ટીકા કરતાં પણ અત્યારના જિજ્ઞાસુ, સાધક ભક્તને વિશેષ ઉપયોગી પુરવાર થઈ છે.

**—ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ**

# ॥ ‘દુર્ગાસપ્તશતી’નો પાઠ ॥

કેટલાક અનુભવપ્રસંગો જીવનમાં એવા અનોખા અથવા અદ્ભુત બને છે. જે સામાન્ય તો શું, પરંતુ અસામાન્ય માનવબુદ્ધિથીય સમજી નથી શકાતા. એ જીવનના રોજબરોજ પ્રસંગો કરતાં તદ્દન વિલક્ષણ હોય છે. એ પ્રસંગો પરમાત્મા પ્રત્યેની પરમ શ્રદ્ધા ભક્તિને અનિવાર્ય રીતે અને પુષ્કળ પ્રમાણમાં વધારે છે. એમનું ક્ષેત્ર માનવીય શક્તિના સીમાક્ષેત્રની બહારનું હોય છે. પરમાત્માની પરમકૃપાથી જ એમની પ્રાપ્તિ થતી હોય છે ને પરમાત્માની કૃપાથી જ એમને સમજવાનું સરળ બને છે. એવો જ એક અદ્ભુત અનુભવ પ્રસંગ અહીં વર્ણવું છું.

એ પ્રસંગ તા.૨૨–૧૦–૧૯૭૪ની રાતનો છે. એ વખતે નવરાત્રીના પવિત્ર દિવસો ચાલી રહેલા. ઠેર ઠેર દુર્ગાસપ્તશતી અને રામાયણનો પાઠ થઈ રહેલો. ક્યાંક ભાગવતસપ્તાહનું પણ આયોજન થયેલું. અમે દિલ્હીમાં જેમને ત્યાં ઉતરેલા તે. કાશીરામભાઈને ત્યાં પણ દેવીની નિયમિત રીતે પૂજા થતી. નવરાત્રીના દિવસો હોવાથી મને વિચાર તો થયો કે કોઈક સારા સુપાત્ર પંડિત પાસે દુર્ગાસપ્તશતીનો વિધિપૂર્વક પાઠ કરાવું. પરંતુ પાછું થયું કે એવા પંડિત અહીં ક્યાં મળે ? અને મળે તો પણ બીજાને ત્યાં પાઠ કરવવાની અનુકૂળતા હોય અથવા ન પણ હોય, એટલે વિચારને મેં માંડી વાળ્યો.

તો પણ જગદંબાની કૃપાનો કોઈ વિશેષ અનુભવ થાય એવી આકાંક્ષા તો હતી જ. અને એ ઈચ્છા બહુ અનોખી રીતે પૂરી



થઈ. કેવી રીતે તે જોઈએ.

તારીખ બાવીસમી ઑક્ટોબરે સાતમ હતી. તે દિવસે રાતે અગિયાર વાગ્યા પછી મારી આંખ ઊઘડી એટલે હું જગદંબાનું સ્મરણ અને જગદંબાની પ્રાર્થના કરતાં બેઠો. એ જ વખતે મારી જમણી તરફની બારીની બહારની ઓસરીમાંથી એક બાજુથી મને દુર્ગાસપ્તશતીનો સુંદર પાઠ સંભળાયો. પાઠ કરનાર કોઈ પંડિત હોય એવું લાગ્યું. એમનાં ઉચ્ચારણો ખૂબ જ શુદ્ધ અને રસમય હતાં. તેમનો પાઠ પ્રમાણમાં ધીમો છતાં શુદ્ધ અને સહેલાઈથી સમજી શકાય તેવો હતો. મને એ સાંભળીને અતિશય આનંદ થયો. આશ્ચર્ય પણ થયું અત્યારે આવી રીતે કોણ પાઠ કરતું હશે ? કદાચ કાશીરામે કોઈ પંડિતને પાઠ કરવા બેસાડ્યા હોય. એમણે જ બેસાડ્યા હશે; કારણ એમની અનુમતિ વગર અહીં આવી રીતે કોણ પાઠ કરી શકે ! એમણે પંડિતને પાઠ કરવા રોક્યા હશે. પાઠ પૂરો કરી તે રાતે અહીં આરામ કરશે.

પાઠ ચાલ્યો પણ બરાબર રાતના એક વાગ્યા સુધી. ત્યાંસુધી મેં એને શાંતિથી, સુખપૂર્વક સાંભળ્યા કર્યો. એથી અવર્ણનીય આનંદ અનુભવ્યો.

બીજે દિવસે મેં કાશીરામ અને એમની પત્નીને પૂછ્યું : ‘રાતે તમે કોઈ પંડિતને પાઠ કરવા બેસાડેલા ?’

‘ના. અમે તો કોઈ પંડિતને નહોતા બેસાડ્યા. કેમ ?’

‘તમારે ત્યાં રાતે પાઠ થતો’તો.

‘પાઠ થતો’તો ?’

'હા. મેં એ સાંભળ્યો.'

મેં એમને વિગતવાર વાત કહી એથી એમણે આશ્ચર્યચકિત થઈને જણાવ્યું : 'એ પાઠ કરનાર જગદંબા વિના બીજું કોણ હોય ? એમણે આ ઘરમાં એવી રીતે એમની ઉપસ્થિતિ બતાવી.' એ ગળગળાં બની ગયાં.

માતાજીને પણ એ વાત નવી લાગી. એ મારી બાજુમાં-એક જ ખંડમાં સુતેલાં તો પણ પાઠ નહોતાં સાંભળી શક્યાં. જગદંબાની વાણી તો એ જેને સંભળાવવા માગે તે જ સાંભળી શકે ને ?

એ વાણી ખરેખર અદ્‌ભુત હતી.

હું એથી આકર્ષાઈને એ પંડિતને જોવા એમની પાસે પહોંચ્યો હોત તો શું થાત તે કોણ કહી શકે ? એની તો કેવળ કલ્પના કરવી રહી.

**–શ્રી યોગેશ્વરજી**

**(સંતસૌરભ)**

'હું શક્તિ કે શક્તિપાત કરતાં સર્વશક્તિમાન પ્રભુને જ વધારે મહત્ત્વ આપું છું. શક્તિના અધિષ્ઠાતા પ્રભુ પાસે પહોંચશો એટલે આપોઆપ બધી શક્તિઓ તમારા આંગણે આવી રહેશે.'



# ॥ શ્રી યોગેશ્વરકૃત 'દુર્ગાસપ્તશતીસાર' ॥

દુર્ગાસપ્તશતીસારગ્રંથનો અભ્યાસ કરતાં દેવીના સ્વરૂપને સમજવાના તલસાટમાં હું ક્યારેક બ્રહ્માંડને જ રહસ્યો પૂછતી કે મને સમજાવોને ! એવી સ્થિતિમાં કોઈ અદૃશ્ય કૃપાથી શ્રી યોગેશ્વરજીકૃત દુર્ગાસપ્તશતીસારગ્રંથ પ્રાપ્ત થયો. આમ શ્રી યોગેશ્વરકૃત દુર્ગાસપ્તશતીસારગ્રંથ તો બ્રહ્માંડને પૂછેલ પ્રશ્નના જવાબ સ્વરૂપે મારી પાસે આવ્યો છે.

આ સમીક્ષાલેખમાં જ્ઞાનસ્વરૂપ શ્રી યોગેશ્વરજીરચિત દુર્ગાસપ્તશતીસારગ્રંથની વિશેષતાઓ અને સાંપ્રત સમયમાં એની ઉપાદેયતા જણાવવી અભિપ્રેત છે.

મૂળ ગ્રંથ દુર્ગાસપ્તશતી કે જે માર્કંડેયપુરાણનો ભાગ છે અને તંત્રમાર્ગમાં સામાન્ય રીતે ચંડીપાઠ તરીકે ઓળખાય છે. તેના મધ્યવર્તી સારને ગુજરાતી ભાષામાં ગ્રંથસ્થ કરીને શ્રી યોગેશ્વરજીએ ગુજરાતી વાચકો પર બહુ મોટો ઉપકાર કર્યો છે.

શ્રી યોગેશ્વરજીએ મૂળ ગ્રંથના સારને રજૂ કરવા સાથે ગુજરાતી વાચકો માટે આરંભે જ પૃથ્વીધરાચાર્યવિરચિત લઘુસપ્તશતીસ્તોત્ર સમાવ્યું છે. જે શક્તિપૂજકોને નિત્યપ્રાર્થનામાં ઉપયોગી નીવડે તેવું છે. શ્રી યોગેશ્વરજીએ શ્રી શંકરાચાર્યરચિત દેવીઅપરાધક્ષમાપનસ્તોત્રનું તેમજ પાંચમા અધ્યાયના (૧૬ થી ૮૦) શ્લોકો કે જે તંત્રોક્ત દેવીસૂક્તમાં પણ આવે છે તેનું સમશ્લોકી ગુજરાતી ભાષાંતર કર્યું છે. જેની ગેયતા રસિકો તથા ભક્તસમુદાયને ખુશ કરી દે તેવી છે. દુર્ગાસપ્તશતીસાર

ગુજરાતી અનુવાદિત અને ગુજરાતી વિવેચનસાહિત્યની સમૃદ્ધિમાં વધારો કરે છે. એ બાબત પણ ગૌરવાસ્પદ છે.

દુર્ગાસપ્તશતીની સામાન્ય માહિતી મેળવ્યા પછી જ શ્રી યોગેશ્વરજીકૃત સારગ્રંથ વાંચીએ તો જ ખ્યાલ આવે કે એમણે આ મૂળ ગ્રંથને જ્ઞાનચક્ષુથી નિહાળ્યો છે અને એમની કલમમાંથી કેવળ જ્ઞાન ઝર્યું છે. મૂળ દુર્ગાસપ્તશતીમાં માહાત્મ્યના તેર અધ્યાય છે. જે દેવીમાહાત્મ્ય તરીકે ઓળખાય છે. જેમાં સુમેધા ઋષિ સુરથ નામના ક્ષત્રિય અને સમાધિ નામના વૈશ્યના મોહજન્ય દુઃખને દૂર કરવા ચંડીનો મહિમા વર્ણવે છે. જેમાં અનુક્રમે મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતી વિવિધ અસુરોનો વધ કરે છે એ કથા વર્ણવાઈ છે. ચંડીનાં જ વિવિધ રૂપ એવી આ ત્રણ દેવીઓનો ત્રણ ચરિત્રોમાં મહિમા છે. આ તેર અધ્યાયની સાથે કર્મકાંડમાં અનેક સ્તોત્રો જોડી દેવાયા છે. જે બધું મળીને ચંડીપાઠ કે દુર્ગાસપ્તશતી કહેવાય છે.

શ્રી યોગેશ્વરજીએ અત્યંત મનોવૈજ્ઞાનિક રીતે વિષયનિરૂપણ કર્યું છે. પ્રથમ એમણે દુર્ગામાહાત્મ્યના બારમા અધ્યાયનું વિવેચન કર્યું છે જેમાં ચંડીપાઠથી થતા ભૌતિક લાભ અને ઐહિક કલ્યાણની વાત છે. સામાન્ય રીતે મોટાભાગનો જનસમુદાય ભૌતિક સુખસમૃદ્ધિ માટે જ ધાર્મિક અનુષ્ઠાનો કરતો હોય છે. પ્રજાને આ ગ્રંથ દ્વારા લૌકિક સુખના બહાને પણ ધર્માભિમુખ કર્યા પછી આધ્યાત્મિક રહસ્ય ખોલ્યું છે.

દુર્ગાસપ્તશતીને તેમણે સ્ત્રીશક્તિનું જ્વલંત જયગાન કરતો ગ્રંથ ગણાવ્યો છે. આ રીતે સાહિત્ય દ્વારા સંસ્કૃતિનું સંરક્ષણ,



સંવર્ધન થાય છે એમ કહી સાહિત્યની સમાજ પર અસર વર્ણવી છે. તો સામે પક્ષે સમાજ પણ સાહિત્યમાં કઈ રીતે પ્રતિબંબિત થાય છે એ ઉદાહરણ સાથે દર્શાવ્યું છે. અર્ગલાસ્તોત્રમાં એક શ્લોક છે—

**પત્ની મનોરમાં દેહિ મનોવૃત્તાનુસારિણીમ્ ।**
**તારિણી દુર્ગસંસારસાગરસ્ય કુલોદ્ભવામ્ ॥**

અહીં એવી પત્નીની પ્રાર્થના છે કે ‘જે ગૃહસ્થાશ્રમની શોભા બનીને તેને નંદનવનમાં ફેરવી શકે. પુરુષ અને સ્ત્રી બન્ને એકમેકની મદદથી આત્મિક ઉત્કર્ષ સાધી શકે. (પૃ.૬૫) આમ, પ્રાર્થનામાંથી અભિવ્યંજિત વ્યવહારુ અર્થ પણ તેમણે સરસ રીતે સમજાવ્યો છે.’ દુર્ગામાહાત્મ્યના તેર અધ્યાય પહેલા અંગરૂપે કવચ. અર્ગલા અને કીલકસ્તોત્રનો પાઠ થાય છે. તો આ ત્રણેય સ્તોત્રોમાં રહેલ અર્થચ્છાયાઓ પણ મન પ્રસન્ન થઈ જાય એવી સરળ ભાષામાં નિરૂપી છે. સાથે સાથે આ સ્તોત્રની ધાર્મિક દૃષ્ટિએ પણ મહત્તા દર્શાવી છે.

ત્રીજા અધ્યાયમાં સ્કંધમાતાની વાત કરતાં કેનઉપનિષદના ઉમાહૈમવતીના આખ્યાનનો ઉલ્લેખ કર્યો છે. “દેવી તો અહંકારના નિર્મૂલન માટે આવે છે. એ વૈદિક પરંપરાનો જ વિકાસ અહીં છે.” શ્રી યોગેશ્વરજીનું આ સારદર્શન એમની વિદ્વત્તાનું પરિચાયક છે. વળી, દુર્ગાસપ્તશતીના ત્રણેય ચરિત્રની ઉપાસનાનો આ મર્મ તેમણે ખૂબ ટૂંકમાં પણ સચોટ રીતે દર્શાવ્યો છે. જેમકે, “મહાલક્ષ્મી, મહાસરસ્વતી અને મહાકાલી-એ ત્રણ

સ્વરૂપો દ્વારા અનુક્રમે ધન (અર્થ) શક્તિ, જ્ઞાનશક્તિ અને કાલાતીત આત્મશક્તિની લૌકિક અને પારલૌકિક કલ્યાણ માટે મહત્તા સ્થાપિત કરવાનો હેતુ છે.'' શક્તિની ઉપાસના એ તો સ્ત્રીના બાહ્ય સૌન્દર્યની જ નહીં પણ શીલ અને સંસ્કારની ઉપાસના છે. એમ દર્શાવી એમણે ભારતીય સંસ્કૃતિની મહાનતા પણ આ ગ્રંથમાં ચરિતાર્થ કરી બતાવી છે.

આ વિવેચનગ્રંથનું એક એક વાક્ય સોનાનું છે. દુર્ગાસપ્તશતીના આરંભ, અંત અને મધ્યવર્તી ઘટનાઓમાં નિહિત વ્યાવહારિક અને આધ્યાત્મિક રહસ્યને સમાંતર રીતે સરળ ભાષામાં સમજાવ્યું છે. સુમેધા ઋષિ તથા સુરથ અને સમાધિના પાત્રો દ્વારા મનુષ્યજીવનમાં સત્સંગની મહત્તા દર્શાવી છે.

શ્રી યોગેશ્વરજીને મતે 'દુર્ગાસપ્તશતી અંદર અને બહાર પડેલી આસુરીવૃત્તિ અને પ્રવૃત્તિનો પ્રતિકાર કરવાનો સંદેશો આપે છે.' દુર્ગાસપ્તશતીસાર નામના વિવેચનગ્રંથમાં શ્રી યોગેશ્વરજીએ અધ્યાત્મની વ્યાવહારિક ઉપાદેયતા ખૂબ સરળ ભાષામાં નિરૂપી છે. પૌરાણિક ગ્રંથ દુર્ગાસપ્તશતીમાં પ્રતીકાત્મક રીતે ઉપદેશાયેલ આત્મપ્રબંધન અને સામાજિક પ્રબંધનની કલાનું રહસ્ય શ્રી યોગેશ્વરજીએ સમજાવ્યું છે. એ દૃષ્ટિએ એનું માત્ર ધાર્મિક મહત્ત્વ જ નથી પણ પ્રબંધનશિક્ષણમાં માર્ગદર્શક થઈ શકે તેવું આ પુસ્તક છે. શ્રી યોગેશ્વરજીએ કરેલ વિવેચનને અનુરૂપ મુખપૃષ્ઠ સાથે આ પુસ્તકની પુનરાવૃત્તિ તૈયાર થાય તેવી



અભિલાષા રાખવી અયોગ્ય નહીં ગણાય. કેમકે, એ રીતે શ્રી યોગેશ્વરજીનો અક્ષરદેહ અભિપ્રેત વાંચકોને આકર્ષશે. તેમના સુધી પહોંચશે.

દુર્ગાસપ્તશતીની ભાષાકીય વિશેષતા તરફ પણ શ્રી યોગેશ્વરજીએ અંગુલિનિર્દેશ કર્યો છે કે 'એના મોટાભાગના શ્લોકો તો અનુષ્ટુપમાં હોવાને કારણે તેની ભાષા રામાયણ અને શ્રીમદ્ભગવદ્ગીતાની જેમ સરળ, સારગર્ભિત, ભાવમય અને વેધક છે. એમણે આ લઘુકાય ગ્રંથને ગુણવત્તા અને અસરકારકતાની દૃષ્ટિએ રામાયણ, મહાભારત અને શ્રીમદ્ભગવદ્ગીતાની બરોબરી કરી શકે તેવો ગણાવ્યો છે.' શ્રી યોગેશ્વરજીએ પુરાણભાગ તરીકે દુર્ગાસપ્તશતીનું યથાર્થ મૂલ્ય આંક્યું છે.

દુર્ગાસપ્તશતીની કથાના એકે એક તંતુ અને પાત્રો સાથે વણાયેલ અર્થને શ્રી યોગેશ્વરજીએ ઉકેલી બતાવ્યો છે. જેમ દુર્ગાસપ્તશતી માર્કંડેયઋષિપ્રણિત છે. તેમ દુર્ગાસપ્તશતીસાર જ્ઞાનસ્વરૂપ શ્રી યોગેશ્વરજીની પ્રજ્ઞાનો અક્ષરદેહ ગણી શકાય.

**–ડૉ. કાલિન્દી પાઠક**

'બધા સંતો પાસે જવા કરતાં, બધા સંતો જેની પાછળ પડ્યા છે; તે સાચા સંત પ્રભુને-પાવરહાઉસને મેળવવા પ્રયત્ન કરો.'

**–યોગેશ્વરજી**

## ॥ 'દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ' ॥

દક્ષિણ આફ્રિકાની ધરતી પર એકસો પચીસ દિવસો ગાળવાનો સુયોગ (નવે. ૧૯૮૨ થી માર્ચ ૧૯૮૩) પૂ.શ્રીમા સર્વેશ્વરીને પરમ સંત વિભૂતિ પૂ.શ્રી યોગેશ્વરજી સાથે સાંપડ્યો.

પ્રવાસનાં સુખદ અને પ્રેરક સંસ્મરણો નિત્યનોંધરૂપે આ ગ્રંથમાં નોંધાયાં છે. મહાત્મા ગાંધીજીના જીવન-સિદ્ધાંતોનું આરંભમાં ઘડતર કરનારી કર્મભૂમિ દક્ષિણ આફ્રિકાની રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક વિશેષતાઓનું દર્શન-વર્ણન પણ કૃતિ કરાવે છે. આ સુખદ, સફળ પ્રવાસ-નિવાસ દરમિયાન ત્યાંના વિવિધ શહેરોમાં પૂ.શ્રી યોગેશ્વરજીના ધર્મનીતિ-બોધ પર વિશેષ કરીને અંગ્રેજી ભાષામાં પચાસેક વ્યાખ્યાનો થયાં.

નામસ્મરણ અને અલિપ્તતા, આત્મસાક્ષાત્કાર, સંત, ગીતાનો સંદેશ, ગુરુની જરૂર, ગુરુ ઉપર શ્રદ્ધા, સમર્પણભાવ, ભગવાન રમણ મહર્ષિ : જીવન અને કાર્ય, મૂકમ્ કરોતિ વાચાલમ્, શ્રીમદ્ રાજચંદ્ર, રામકૃષ્ણદેવ, ધર્મની એકતા, ભક્તિપ્રબોધ, રામાયણ, યોગનાં આઠ પગથિયાં, સંતોનો સમાગમ, આત્મજ્ઞાન, આત્મસાક્ષાત્કાર...જેવા વિષયો પર રસપ્રદ પ્રવચનો આપી પૂ.શ્રી યોગેશ્વરજીએ ભાવિક ભક્તો તેમજ શ્રોતાઓને પ્રશ્નોત્તરી દ્વારા ધાર્મિક-આધ્યાત્મિક માર્ગદર્શન આપ્યું હતું. પૂ.શ્રીમા સર્વેશ્વરીનું પણ તેમાં વિશેષ યોગદાન રહ્યું હતું.

આ વિશાળ કલ્યાણકાર્યનો અન્યોને પણ પરિચય કરાવવાનો ઉમદા હેતુ ગ્રંથપ્રકાશન પાછળ રહેલો છે.



નાની નાની વાતોને પણ આધ્યાત્મિક વળાંક આપવાનો સ્વભાવ પૂ.શ્રીમાં સહજ રહેલો છે. તેમના શ્રીમુખે સરળ ભાષામાં સ્વાભાવિક વાતચીતની શૈલીમાં (ઉચ્ચારાયેલાં) પ્રગટ થયેલાં કેટલાંક જીવનપયોગી તત્ત્વબોધનાં સરળ સૂત્રો પ્રસ્તુત કૃતિમાંથી વાચક તેમજ ભાવકવર્ગને ઉપલબ્ધ કરાવવાનો અમારો નમ્ર પ્રયાસ છે.

★

● મા સર્વેશ્વરીની સરખામણીમાં તો કોણ આવે ? તે તો સાક્ષાત્ જગદંબા છે. તે આ સ્વરૂપે કોઈને ન ઓળખાય. એમનાં ત્યાગ, સેવા, પ્રેમભાવ, સમર્પણભાવની સામે કોણ ઊભું રહી શકે ?

● શાંતિનો વરસાદ, સંતોષનો વરસાદ, સુખનો વરસાદ, સત્સંગનો વરસાદ અંતે પ્રાણનો પ્રસાદ, જેનાથી મટે બધા અવસાદ.

● જીવન ખૂબ જ ટૂંકું છે. એમાં અક્ષર (અવિનાશી)ની આરાધના કરજો. અવિનાશીને ઓળખજો.

● શીરો છૂપો રહી શકતો નથી. સત્કર્મ છૂપું રહી શકતું નથી. તેની સુગંધ સર્વત્ર પ્રસરી ઊઠે છે. તેમ, કુકર્મ પણ છૂપું રહી શકતું નથી.

● દરેક વસ્તુમાં, દરેક પ્રસંગમાં પ્રભુની કૃપા જોવાની ટેવ પાડવી. બાકી તો, જીવનમાં ફરિયાદોનો કોઈ પાર નથી.

● ફરિયાદો કરવાને બદલે દરેક પરિસ્થિતિમાં પ્રભુની કૃપા જ જોવી.

● આપણે તો પ્રભુ પાસે માગવું કે જે જે યોનિમાં જઈએ તે તે યોનિમાં ભક્તિ અખંડ રહે. તો કર્મથી અલિપ્ત રહેવાય.

● સંતને જોઈને મોઢું ફેરવી લેશો, પછી કલ્યાણ ક્યાંથી થશે ?

● અમે તો હંમેશાં અમૃત જ પીએ છીએ. પ્રભુના નામનું અમૃત પીવામાં જ અમને તો આનંદ છે.

● અમને તો બહારની ગરમી પણ સતાવતી નથી, કારણ કે અમને માનસિક કે શારીરિક કોઈ ગરમી જ નથી. શાંતિ જ શાંતિ છે.

● મંત્રો બધા જ સારા છે. અક્ષરોમાં ફેર, કોઈ મંત્રની શક્તિમાં તફાવત નથી. કોઈ બાર, પાંચ કે બત્રીસ અક્ષરવાળા મંત્રો છે. એમાંથી જે મંત્ર આપણને વધુ પ્રિય હોય તે જપવો.

● અમે તો તાપ દૂર કરીએ છીએ તનનો, મનનો ને અંતરનો. અમને બહારનો તાપ શું કરી શકે ? અમારે શરણે આવે તેના પણ ત્રણે તાપ અમે દૂર કરીએ છીએ.

● આપણે જાતે જ ફૂલ જેવા બની જવાનું. સુગંધ આપતાં શીખી જવાનું. પછી આવાં ફૂલ હોય તો પણ શું ને ના હોય તો પણ શું ?

● સંતોને શોધવા એ સારી વાત તો છે, પણ છેવટે તો પોતે જ સંત થવું એ જરૂરી છે.

● અમે હરિઃૐ કહીને શંકરદાદાને, યોગીઓના યોગીને યાદ કરીએ છીએ.

● સંત દીપક, સૂર્ય, ચંદ્ર જેવા છે.



● ઉપાસનાની શ્રેષ્ઠ રીત હૃદયથી પ્રભુને ચાહો તે. જીભથી બોલો કે આંખ મીંચીને પ્રભુ સ્મરણ કરો, પણ હૃદયમાં તેને માટે સાચો પ્રેમ જોઈએ જ.

● ગુરુ હંમેશાં જીવંત જ છે. તેઓ કદી મરતા નથી.

● ગળાની ગાંઠ માટે ડૉક્ટરને મળો. અવિદ્યાની ગાંઠ માટે અમે બતાવીએ તેમ ધ્યાન કરો.

● 'મનુસ્મૃતિ'માં આવકના દશમા ભાગનું દાન કરવાનું કહ્યું છે.

● અમારું જીવન જ તત્ત્વજ્ઞાનથી ભરેલું છે. ચોવીસ કલાક અમે તો ફિલોસોફીમાં જ જીવીએ છીએ. પ્રભુએ એવું જ કામ આપ્યું છે. સંસારીઓ સંસારની વાતો કરે. અમે અમારી તત્ત્વજ્ઞાનની ભાષામાં વાતો કરીએ. પાછલા ચાર જન્મોથી આ જ કામ કરીએ છીએ. કલકત્તા, પંજાબ, દક્ષિણમાં અમે અગાઉ મુક્તાત્મા તરીકે જ જન્મેલા.

● અમે તો અહીં સૌને મુક્ત કરવા આવ્યા છીએ અને અમને જ આ ગાડીમાં બાંધવાના ? માયાવી બંધાયેલાઓને અમે છોડાવવા આવ્યા છીએ. અમે તો માયાના પતિ છીએ. અમે તો ચાર જન્મોથી મુક્ત જ છીએ. અગાઉ પંજાબ, મહારાષ્ટ્ર, બંગાલમાં અમે હતા.

**–ડૉ. અરુણા ઠાકર**

'The fun is in travelling, not in reaching.'

## ॥ શ્રી યોગેશ્વરજી પર પત્ર ॥

પૂજ્ય શ્રી યોગેશ્વરજી,

'ગાંધીગૌરવ' પરમ દિવસે મળી ગયું છે. આપે મને સ્નેહપૂર્વક યાદ કરીને આવું સુંદર પુસ્તક મોકલ્યું તે માટે આપનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. ગાંધીજીના જીવન અને કવને તો ગુજરાતનાં નાના મોટા લગભગ એકેએક કવિને પ્રેરણા આપી છે. પણ એમના સમગ્ર વ્યક્તિત્વને આવરી લેતી કૃતિઓ આપણે ત્યાં ઝાઝી નથી. જે ગણતર કૃતિઓ છે તેમાં 'ગાંધીગૌરવ' તેની પ્રૌઢિ અને પરિપક્વતાને લીધે જુદું તરી આવે છે. ગાંધીશતાબ્દીવર્ષ દરમિયાન ગુજરાતીમાં પણ આવું ઋષિતર્પણ બીજા કોઈએ કર્યું હોય તો તે મારા ખ્યાલમાં નથી. એ જ કુશળ હશો.

**લિ.**
**સ્નેહી**
**મનસુખલાલ ઝવેરી**



## ॥ શ્રી યોગેશ્વરજીને પત્ર ॥

**મોડાસા**
**(ગુજરાત)**
**૧૬–૫–'૬૨**

પ્રિય ભાઈશ્રી મણિશંકરભાઈ,

હું આ અઠવાડિયે કાલે ઘેર આવ્યો. મુંબઈમાં તમારી ખબર ફોનથી કાઢી હતી. પણ તમે હતા નહીં. તમારો પત્ર તો અહીં આવ્યો ત્યારે જ વાંચ્યો.

'રશ્મિ' મળી ગયું છે. તે વાંચી ગયો છું. તેમાંનાં કાવ્ય નં.૩૩, ૩૪, ૩૭, ૩૯, ૧૭ થી ૨૨, ૨૭-આ કાવ્યો ખૂબ સુંદર છે. તેમાં કવિની પ્રતિભા છે, અને બાળકોનાં હૃદયને સ્પર્શે તેવાં સુંદર ભાવો છે. પ્રાર્થનાનાં કાવ્યો મઝાનાં છે-કાવ્ય ૩૪ ને ૩૭નો ભાવ રવીન્દ્રનાથ ટાગોરનાં પ્રાર્થનાગીતોને મળતો છે. એ વાંચી ખૂબ આનંદ થયો.

સમગ્ર કાવ્યસંગ્રહની ભાષા સરળ અને શુદ્ધ છે. બાળભોગ્ય વિષયોની પસંદગી કરાઈ છે ને બાળભાવોને સુંદર અભિવ્યક્તિ મળી છે. મારો આ અભિપ્રાય પૂજ્ય મહાત્માજીને પહોંચાડશો.

આ તરફ જરૂર આવજો.

**લિ**
**રમણલાલ સોની**

# ॥ ત્રણ લઘુકાવ્યો ॥

**॥ સોમલ ॥**

શિષ્યે શંકિત સ્વરે સ્પષ્ટીકરણ કરતાં કહ્યું
સઘળે સોમલ છે, સદ્‌ગુરુદેવ,
સંસારમાં સર્વત્ર સોમલ છે.
સદ્‌ગુરુએ શાંતિ સાથે સુધાસભર સ્વરે સમજાવ્યું,
હરકત નહીં.
સઘળે સોમલ છે કિન્તુ તું શંકર છે ?

**(મહાશિવરાત્રી, ૨૯–૨–'૮૪ બુધવાર)**

★

**॥ આયુષ્ય ॥**

આયુષ્ય કેટલું ?
જેટલું આપો-આપી શકો એટલું
સો, બસો, ત્રણસો કેટલું ?
આપ અધિકાધિક જેટલું પણ આપી શકો તેટલું
તમારે ને બીજાને કાજે જીવી શકાય જેટલું
છેલ્લી ક્ષણ સુધી વીતાવી શકાય
જાણી શકાય, માણી શકાય એટલું
આયુષ્ય કેટલું ?
આયુષ્યરૂપે ઉજવી શકાય એટલું

★

**॥ શંકર ॥**

સાધકે શિવમંદિરમાં પહોંચીને પોકાર પાડ્યો,
મારે શંકર જોઈએ
શિવમંદિરે પ્રતિઘોષ પાડ્યો,
થયાં છે ? થવું પડે. પાર્વતી કોઈએ.

**–શ્રી યોગેશ્વરજી**



# ॥ પ્રભુ સાથે પ્રેમસંબંધ ॥

અર્જુનની સામે જ સાડાત્રણ હાથની શ્રીકૃષ્ણની કાયા ઊભી હતી એટલે એણે કહ્યું કે, ''તમે તો દશ્ય છો. દશ્ય બનીને તમે દશ્યમાત્રનું વિસર્જન કરાવી દીધું ! સંસારમાં જેટલાં દશ્ય હતાં એ તમને જોયા પછી વિસર્જિત થઈ ગયાં.'

હે પ્રભુ, તમે બીજા બનીને, દ્વૈત બનીને આવ્યા અને દ્વૈતનો ગ્રાસ કરી લીધો. મારા ચિત્તમાંથી, મારી દષ્ટિમાંથી દ્વૈતનું હરણ કર્યું.

બીજાથી જુદા દેખાડવા તમને 'શ્રીકૃષ્ણ' એવું નામ અપાયું. 'સ્વરૂપતઃ તમે એક છો, તત્ત્વતઃ તમે સર્વદેશીય છો.' 'દેહધારી' હોવાને કારણે તમે એક છો અને હું બીજો છું.–આ એક અર્થ !

બીજો અર્થ એ કે, 'તમે એકમેવ, અદ્વિતીય છો.' સર્વવ્યાપી હોવાને કારણે તમે મને સમસ્ત વિશ્વમાં નિવાસ કરવાનો અધિકાર આપી દીધો છે. મને પણ તમે 'એકમેવાદ્વિતીય'ની સત્તા આપી છે.

હે વાસુદેવ ! તમારી સાથે સંબંધ થયા પછી સંસારનાં સર્વ બંધનો તૂટી જાય છે. તમારી અભીપ્સા જાગૃત થાય તો સંસારના બધા જ વિષયોની તૃષ્ણા શાંત થઈ જાય છે. જે કંઈ જગતમાં છે એ બધું જ પોતાના સ્વ-રૂપમાં મળી જાય છે એવા હે પ્રભુ, તમારી સાથે મારો આ 'પ્રેમસંબંધ' છે.'

**–'જ્ઞાનેશ્વરી'**